Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue:147 Dt.02-04-2022 (Saturday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ગુજરાતમાં અરવિંદ કેજરીવાલનો ચૂંટણી શંખનાદ






## બે દિવસની મુલાકાતે આવી પહોંચ્યા કેજરીવાલ અને ભગવંત માન

**આજે બપોરે ૪ વાગ્યાથી અમદાવાદમાં કેજરીવાલનો ભવ્ય રોડ–શો**

**તિરંગા યાત્રામાં પણ બંને જોડાશે, રવિવારે સ્વામિનારાયણ મંદિરમાં દર્શન**

**બબ્બે મુખ્યમંત્રીઓનાં આગમનથી આમ આદમી પાર્ટીનાં ઉત્સાહનું મોજું: સવારે કેજરીવાલ અને માને સાબરમતી આશ્રમની મુલાકાત લીધી**

અમદાવાદ, તા.૨ આમ આદમી પાર્ટીનાં સર્વેસર્વા રાષ્ટ્રીય નેતા દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબનાં મુખ્યમંત્રી ભગવંત માન આજે બે દિવસની સૂચક ગુજરાત યાત્રાએ આવી પહોંચ્યા [illegible] મહત્વપૂર્ણ મુલાકાત સાથે અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં ચૂંટણીનો શંખનાદ કરી દીધો છે અને વિધાનસભાની ચૂંટણીઓ પહેલા ગુજરાતી મતદારોનાં દિલ જીતવાનો પ્રયાસ કરીને વિધાનસભાની ચૂંટણીઓમાં મોટાપાયે મેદાનમાં ઉતારવાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. આજે શનિવારે બપોરે ૪ વાગ્યાથી અમદાવાદમાં કેજરીવાલનો ભવ્ય રોડ-શો યોજાશે.

આજે સવારે અમદાવાદ આવી પહોંચ્યા બાદ કેજરીવાલ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

## મને ગુજરાતમાં આવવાથી બહુ જ ગમ્યું: કેજરીવાલ

**સાબરમતી આશ્રમમાં ચરખો કાંતી બાપુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ આપી**

અમદાવાદ: નવી દિલ્હીનાં મુખ્યમંત્રી બન્યા બાદ પહેલીવાર સાબરમતી આશ્રમની મુલાકાત લેનાર આપ નાં રાષ્ટ્રીય વડા અરવિંદ કેજરીવાલે બાપુનાં આશ્રમની મુલાકાતમાં જણાવ્યું હતું કે હું ગુજરાતમાં આવ્યો મને બહુ જ ગમ્યું છે. કેજરીવાલે આશ્રમમાં બાપુનાં ઐતિહાસિક ચરખો કાંતીને ગાંધીજીની પ્રતિમા પર સુતરની આંટી ચઢાવી હતી અને રાષ્ટ્રપિતાને ભાવવાહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પંજાબનાં મુખ્યમંત્રી ભગવંત માન અને આપનાં અગ્રણી નેતા રાઘવ ચઢા પણ ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

**આજે બપોર બાદ અન્ય પક્ષોનાં સંખ્યાબંધ નેતાઓ અને કાર્યકરો 'આપ' માં જોડાય તેવી શક્યતા**

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં આજે ફરી ઉછાળો

**એક લીટર પેટ્રોલની કિંમત ૧૦૨.૬૧ થઈ, ડીઝલની કિંમત ૯૩.૮૭ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી**

નવી દિલ્હી,તા.૨: દેશમાં પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતોથી લોકો પરેશાન છે. વાહનોના ઈંધણ પર મોંઘવારીની અસર પડવાનું નામ નથી લઈ રહી. ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૦૧ એપ્રિલે માત્ર એક દિવસની રાહત બાદ આજે પેટ્રોલ અને ડીઝલ બંને વાહનોના ઈંધણ (ઈંધણની કિંમત)ના ભાવમાં પ્રતિ લિટર ૮૦-૮૦ પૈસાનો વધારો કર્યો છે.

ભારતીય પેટ્રોલિયમ માર્કેટિંગ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL)ના લેટેસ્ટ અપડેટ અનુસાર, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક લિટર પેટ્રોલની કિંમત ૧૦૨.૬૧ થઈ ગઈ છે. તે જ સમયે, ડીઝલની કિંમત ૯૩.૮૭ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે. તમને જણાવી દઈએ કે ૩૧ માર્ચે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮૦-૮૦ પૈસા પ્રતિ લીટરનો ઉછાળો આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા ૧૨માં ૧૦મી વખત પેટ્રોલ-ડીઝલ મોંઘુ થયું છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

**રાજકોટ રેલવે ડિવિઝને માર્ચ મહિનામાં**

# ટિકિટ વગરના મુસાફરો પાસેથી રૂ. ૧.૬૧ કરોડ વસુલાયા




**એક મહિનાની ટિકિટ ચેકિંગની કમાણીમાં અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ કામગીરી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

ખંભાળિયા, તા.૨ : ટિકિટ વિના અને નિયમો વિરૂધ્ધ મુસાફરી કરતા લોકોને રોકવા માટે રાજકોટ ડીવીઝનમાં સમગ્ર માસ દરમિયાન સઘન ટિકિટ ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, કોરોના બાદ રાજકોટ ડિવિઝન દ્વારા ટિકિટ ચેકિંગની આવકમાં નવા આયામો -સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. ગત માર્ચ મહિનામાં એક નોંધપાત્ર સિદ્ધિ મેળવીને, રાજકોટ ડીવીઝને ટિકિટ વિનાના/ અનિયમિત ટિકિટ કરતા ૨૨,૪૬૪ મુસાફરો પાસેથી રૂ. ૧.૬૧ કરોડ દંડ પેટે વસૂલ કર્યા છે. જે એક જ મહિનામાં ટિકિટ ચેકિંગથી આવકનો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ આંકડો છે. અગાઉ રાજકોટ ડિવિઝનમાં ટિકિટ ચેકિંગથી માર્ચ- ૨૦૧૯ માસમાં ૧.૫૧ કરોડ રૂપિયાની આવક મેળવી હતી. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર પી. ચંદ્રશેખર, ડિવિઝનલ ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર કે.સી. ગુર્જર અને અન્ય ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવીને આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, ૧લી એ-લિ, ૨૦૨૧ થી ૩૧મી માર્ચ, ૨૦૨૨ના સમયગાળા દરમિયાન, રાજકોટ ડીવીઝને એક વર્ષમાં ટિકિટ વિના/અનિયમિત ટિકિટ મુસાફરી કરતા ૧,૧૫,૫૩૨ મુસાફરો પાસેથી રૂ. ૭.૧૧ કરોડ વસૂલ કર્યા છે. આ સમયગાળા દરમિયાન, રેલવે પરિસરમાં કચરો નાખવા માટે ૩૭૬ મુસાફરો પાસેથી રૂ. ૧,૮૩,૩૩૦ વસૂલ કરવામાં આવ્યા હતા. અહીં જ્યાં-ત્યાં થૂંકવા બદલ ૫૧ મુસાફરો પાસેથી ૭,૨૦૦ વસૂલવામાં આવ્યા હતા. માસ્ક ન પહેરવા બદલ ૪૬૮ મુસાફરો પાસેથી ૭૭,૨૯૫ વસૂલવામાં આવ્યા હતા.

**જામનગરમાં ત્રણ દિવસીય વિરોધ પ્રદર્શને આજે લીધો ગંભીર વળાંક**

# ગરીબોની દયનીય સ્થિતિને વાંચા આપવા કોંગી નગરસેવિકાએ કર્યો આપઘાતનો પ્રયાસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨ જામનગર ખાતે મોંઘવારીને ધ્યાને લઈને ત્રણ દિવસથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું. જેમાં આજે અચાનક જ નવો વળાંક આવ્યો છે. જામનગરમાં કોંગ્રેસનાં નગરસેવિકા રચનાબેન નંદાણીયાએ ઘેનની ગોળીઓ ખાઈ લેતા સનસનાટી મચી જવા પામી હતી અને રાજકીય આલમમાં આ સમગ્ર ઘટનાને પગલે મોટો ખળભળાટ મચી જવા પામ્યો છે.

કોંગ્રેસનાં નગરસેવિકા રચનાબેન નંદાણીયાને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ છે.

ગરીબોની લાગણીઓને સમજીને અને તેઓની દયનીય પરિસ્થિતિને ધ્યાને લઈને દવા, પેટ્રોલ, ડીઝલ સહિતનાં ભાવ વધારાને લીધે વિરોધ પ્રદર્શન કરતા ભાવુક થઇ આવું આપઘાતનો પ્રયાસ કર્યો હતો. કોઈપણ નેતા દ્વારા પ્રજાની લાગણીને વાંચા આપવા આવું પગલું ભર્યાની આપ્રથમ ઘટના છે. જે ઘણી જ ગંભીર અને નોંધનીય બાબત છે.(૧૨)

# રાજ્યમાં પાણીની અછત સર્જાવાની શંકા?

**જળાશયોમાં ૫૩% જ સંગ્રહ, ૩૬ ડેમોમાં ૧૦ ટકાથી પણ ઓછું પાણી**



અમદાવાદ: રાજ્યના જળાશયોમાં પણ ઉનાળાની અસર દેખાઇ રહી છે. રાજ્યના જળાશયોમાં હવે ૫૩ ટકા જ પાણી છે. સરદાર સરોવર ડેમમાં ૫૦ ટકા કરતાં પણ ઓછું પાણી છે. ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછું માત્ર ૧૬%, કચ્છમાં ૨૩%, સૌરાષ્ટ્રમાં ૪૮%, મધ્ય ગુજરાતમાં ૫૦% અને દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૬૯% ટકા જળસંગ્રહ છે. રાજ્યની મોટી ૧૭ જળાશય યોજનાઓમાંથી હવે માત્ર ૮ યોજનાઓમાં જ ૫૦ ટકાથી વધારે પાણી છે.

**ભાજપ સંસદનાં ખાનગી વસ્તી નિયંત્રણ વિધેયકને રાજ્યસભામાં અટકાવી દેતા કેન્દ્રનાં આરોગ્યમંત્રી**

# વસ્તી નિયંત્રણ દબાણ નહીં જાગૃતિથી થાય: માંડવિયા

**મંત્રીએ પરિવાર નિયોજન કાર્યક્રમની સફળતાની વિગતો જાહેર કરી**



નવી દિલ્હી, તા.૨ કેન્દ્રનાં આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં સાફ-સાફ જણાવ્યું હતું કે, વસ્તી નિયંત્રણ માટે દબાણ નહીં પણ જાગૃતિ જરૂરી છે. સરકારે વધતી વસ્તીને કાબુમાં લેવાના લક્ષ્યાંકને સિધ્ધ કરવા શરૂ કરેલી આરોગ્ય અને જાગૃતિ ઝુંબેશને નોંધપાત્ર સફળતા મળી છે.

માત્ર બે બાળકોનાં નિયમનું કાયદો લાવવાની જોગવાઈ કરતા ભાજપનાં એક સંસદનાં ખાનગી વસ્તી નિયંત્રણ ખરડાને આરોગ્યમંત્રી માંડવિયાએ અટકાવી દીધો હતો. ભાજપનાં સંસદ રાકેશ સિન્હાએ રાજ્યસભામાં આવો ખરડો રજુ કર્યો હતો પણ માંડવિયાનાં વિરોધને કારણે પાછો ખેચી લીધો હતો.

આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ ગૃહમાં માહિતી આપી હતી કે, પરિવાર નિયોજન કાર્યક્રમની અસરથી જ વસ્તીદર વધારા પર અંકુશ લાવવામાં સફળતા મળી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

**શ્રીલંકાને માનવતાના ધોરણે સહાય પહોંચડાવાની વિશ્વને અપીલ**

# શ્રીલંકામાં રોટીનાં રમખાણો બાદ કટોકટી જાહેર

**પ્રમુખ આવાસ પર ઉગ્ર અને હિંસક દેખાવો થયા બાદ રાષ્ટ્રપ્રમુખ રાજપક્ષેએ દેશવ્યાપી કટોકટી લાગુ કરી**

(એજન્સી સમાચાર)

કોલંબો, તા.૨ ઈતિહાસની સૌથી વધુ ભયાનક આર્થિક કટોકટીમાં સપડાયેલા શ્રીલંકામાં ત્રાસી ગયેલા લોકોએ રોટીનાં રમખાણો શરૂ કરી દેતા રાષ્ટ્રપ્રમુખ ગોટાબાયા રાજપક્ષેએ દેશવ્યાપી કટોકટી જાહેર કરી છે. રાષ્ટ્રપ્રમુખનાં નિવાસ સ્થાનની સામે ગઈકાલે હજારો લોકોએ દેખાવો કર્યા હતા અને તોફાનો ફાટી નિકળ્યા હતા.

પ્રમુખનાં નિવાસની સામે જ હજારો દેખાવકારો અને પોલીસ વચ્ચે અથડામણનાં યુધ્ધ જેવા દ્રશ્યો સર્જાયા હતા. શ્રીલંકામાં ઇંધણ ખલાસ થઇ ગયું છે, અનાજ મળતું નથી, લોકોને ૧૩-૧૩ કલાક સુધી વીજળી મળતી નથી. આથી હવે દેશમાં રમખાણો શરૂ થઇ ગયા છે. શ્રીલંકાનાં પ્રમુખે દેશવ્યાપી કટોકટી લાગુ કરી છે. કટોકટીનાં કાયદા

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટનાં વિખ્યાત એન્જીનીયરીંગ ઉદ્યોગ પર સંકટનાં વાદળ



**રશિયા–યુક્રેન યુધ્ધને કારણે મેટલ કંપનીઓને માલની નિકાસ કરવામાં વધુ રસ**

**ઉત્પાદનમાં ૫૦ ટકા ઘટાડો: જરૂરી ધાતુ અને કાચા માલમાં બેફામ ભાવ વધારાથી સર્જાઈ કટોકટી**

**માલનો ઓર્ડર અપાયો ત્યારનાં નહીં પણ માલ મોકલાઈ ત્યારનાં ભાવ આપવાનો કંપનીઓનો દુરાગ્રહ: હજારો કામદારો અને કર્મચારીની રોજીરોટી પર જોખમ**

રાજકોટ, તા.૨ હજારો લોકોને રોજગારી આપતા રાજકોટનાં વિશ્વ વિખ્યાત એન્જીનીયરીંગ ઉદ્યોગ પર વિવિધ કારણોસર ભારે સંકટનાં વાદળો ઘેરાઈ ગયા છે. મેટલનાં વધતા જતા ભાવ, અપૂરતો પુરવઠો અને કાચા માલનાં બેફામ ભાવવધારાને કારણે અત્યારે ઉદ્યોગોને ૫૦ ટકા ઉત્પાદન કાપ મુકવાની ફરજ પડી છે. ૧લી એપ્રિલથી રાજકોટનાં તમામ યુનિટોમાં ૫૦ ટકા ક્ષમતાથી કામગીરી થશે. ઉદ્યોગ સુત્રો કહે છે કે, જો હાલનાં દરે ઉત્પાદન ચાલુ રાખીએ તો ઉદ્યોગોને જબરું આર્થિક નુકશાન થવાની સંભાવના છે.

રશિયા૦ યુક્રેન યુધ્ધ શરૂ થયું ત્યારથી ઉદ્યોગ માટે સમસ્યાઓનું વણઝાર શરૂ થઇ ગઈ છે. માર્ચનાં ટાર્ગેટ તો ગમે તેમ કરીને પુરા કર્યા છે પણ હવે વધુ ઉત્પાદન કરવાની પરવડે તેમ નથી. એવું ઈજનેરી ઉદ્યોગનાં સુત્રો જણાવે છે. રાજકોટનાં કાસ્ટિંગ, ફોર્જીંગ અને ફાઉન્ડ્રી ઉદ્યોગ એકમો માટે એકદમ જરૂરી પીગઆર્યન, તાંબુ અને સ્ટીલ જેવી ચાવીરૂપ મેટલનાં ભાવોમાં આકરો વધારો થયો છે અને પુરવઠો પણ મળતો નથી. મેટલ ઉત્પાદન કરતી દેશની અગ્રણી કંપનીઓ સ્થાનિક બજારને બદલે મેટલની નિકાસો કરવા પર જ વધુ ધ્યાન આપી રહી છે કેમકે યુધ્ધને કારણે એમને વધુ ભાવ મળી રહ્યા છે. જેની સીધી ખરાબ અસર રાજકોટનાં ઉદ્યોગો પર થઇ છે.

રાજકોટ એન્જીનીયરીંગ એસો.નાં પ્રમુખ પરેશ વસાણીએ જણાવ્યું હતું કે, માલનો ઓર્ડર મુકાયો હોય એ દિવસનાં નહીં પણ માલ મોકલાય એ દિવસે લાગુ થયેલા ભાવ મુજબ ચુકવણું કરવાનો કંપનીઓનો દુરાગ્રહ છે. જે કોઈ યુનિટને પરવડે નહીં એટલે કંપનીઓએ માલનો પુરવઠો અટકાવી દીધો છે. ક્યારે મળે એ પણ નક્કી નથી. કેમકે હવે સટ્ટાની જેમ રોજેરોજ ભાવમાં ઉથલપાથલ થાય છે. વધુ ભાવ આપવા માટે વપરાશકારો રાજી નથી. ૨૦૨૦માં સ્ટીલનો ભાવ પ્રતિકિલો રૂ.૧૭૪ હતો જે વધી રૂ.૩૦૦ થઇ ગયો છે. પીગઆર્યનનો ભાવ ૨૦૨૧ માં પ્રતિટન રૂ.૪૮ હજાર હતો જે હવે વધીને રૂ.૭૫ હજાર થઇ ગયો છે. એ જ રીતે ઉત્પાદન માટે તથા આર્યન ઓગાળવા માટે જરૂરી કોલસાનાં ભાવ પણ આસમાને પહોંચી ગયા છે.

ફાઉન્ડ્રી માલિક બ્રિજેશ દુધાગરા જણાવે છે કે, રાજકોટમાં નાના યુનિટોને તો ઉત્પાદન સાવ બંધ જ કરવું પડશે તેવું લાગે છે. કેમકે મેટલનાં અત્યારનાં ભાવ પ્રમાણે કોઈ ગ્રાહક ભાવ ચૂકવવા તૈયાર નહીં થાય. ઉદ્યોગોને બચાવવા માટે સરકારે મેટલની નિકાસ પર તાકીદે પ્રતિબંધ મુકવો જોઈએ. રાજકોટમાં કાસ્ટિંગ અને ફોર્જીંગ કામ કરતા તથા ઓટો પાર્ટ્સ, સંરક્ષણ માટેનાં જરૂરી હથિયારોનાં પાર્ટ્સ, કૃષિ મશીનરી, શીટ મેટલ, ડીઝલ એન્જિન વગેરેનું ઉત્પાદન કરતા ૬ હજારથી વધુ નાના અને મધ્યમ કદનાં ઔદ્યોગિક એકમો છે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.
કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હિમોગ્લોબીન ગોળીથી તુલા, પાટીદાર શ્રેષ્ઠીઓનું એવોર્ડથી સન્માન

# સિદસર ઉમિયાધામમાં કાલે 'માઁનું તેડું' રજતજયંતિ દશાબ્દી મહોત્સવ



**સમિતિના ૧૦ હજારથી વધુ સ્વયંસેવકોને સાંકળથી જોડવા એક મોબાઇલ એપ્લીકેશન લોન્ચિંગ કરવામાં આવશે**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

પાવનભૂમિ સિદસર ખાતે બિરાજમાન કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીના સાનિધ્યમાં તા. ૯ થી ૧૩ ફેબ્રુઆરી -૨૦૧૨ દરમ્યાન યોજાયેલા રજત જયંતિ મહોત્સવની ઉજવણીને દશ વર્ષ પૂર્ણ થતાં કાલે રજતજયંતિ દશાબ્દી મહોત્સવમાં સમાજના ઉદ્યોગપતિઓ, વિવિધ પાટીદાર સંસ્થાના વડાઓની ઉપસ્થિતિમાં વિશાળ પાટીદાર સમુદાય એકત્ર થઇ માં ઉમાની ભકિત કરશે.

ઉમિયાધામ સિદસરના પ્રમુખ જેરામભાઇ વાંસજાળીયા, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઇ પટેલ અને ચેરમેન દેશની આઝાદીના અમૃત મહોત્સવના વર્ષે કડવા પાટીદાર સમાજ નોર્થ અમેરિકા તથા કુંડારીયા ફાઉન્ડેશનના સહયોગથી ઉમિયા માતાજી મંદિર દ્વારા આગામી તા.૧૫ ઓગષ્ટ સુધીમાં ૭૫ મેડિકલ કેમ્પ યોજીને સવા લાખથી વધુ હિમોગ્લોબીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવશે. ૨૦૧૨ માં યોજાયેલ રજતજયંતિ મહોત્સવની હાઇલાઇટ્સ ડોકયુમેન્ટરી ફિલ્મ દ્વારા દેખાડવામાં આવશે. સંસ્થાની પ્રવૃતિઓનો પરિચય, નવનિર્મિત ઉમિયાધામની ડોકયુમેન્ટરી, દ્વારકા-સોમનાથ અતિથિગૃહ, ઉમાભવન રાજકોટની ડોકયુમેન્ટરી ફિલ્મ રજૂ કરવામાં આવશે. મોબાઇલ એપ્લીકેશન લોન્ચિંગ કરવામાં આવશે.

૧૯૯૯ ના શતાબ્દી મહોત્સવ બાદ દાતાઓના સહયોગથી ઉમિયા માતાજી સિદસર દ્વારા સૌરાષ્ટ્રભરમાં ૧૫૦ કરોડથી વધુના સામાજીક શૈક્ષણિક અને સમાજ ઉત્થાનના કાર્યો કર્યા છે. ત્યારે ૨૦૧૨ ના રજતજયંતિ મહોત્સવની દશાબ્દીની ઉજવણી પાટીદાર પરિવારોને આ યોજનામાં પ્રથમ તબકકે જોડાશે. ત્યારબાદ સૌરાષ્ટ્રભરના બે લાખ પરિવાર સુધી આ યોજનાને લઇ જવાની નેમ છે. આ કળશ યોજના થકી એકત્ર થયેલી નિધી સામાજીક, શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે વપરાશે.

ઉમિયાધામ સિદસર ખાતે બપોરે બીજા સત્રમાં ૧૧ લાખથી

### સૌરાષ્ટ્રના ૨ લાખ પાટીદાર પરિવારોને ઉમા કળશ યોજનામાં જોડાશેઃ આરોગ્ય રથ થકી ૭૫ ગામોમાં કેમ્પ

### રજતજયંતિ મહોત્સવની હાઈલાઈટસ, દ્વારકા-સોમનાથ અતિથિગૃહ ઉમા ભવન રાજકોટની ડોકયુમેન્ટરી બતાવાશે

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની હિમોગ્લોબીન ગોળીથી તુલા થશે. મહોત્સવ થકી પાટીદાર સમાજની સમાજ વિકાસનો શંખનાદ ફુંકવા તથા સંગઠનની શકિત અને ઉમાભકિત થકી સમાજ ઉત્કર્ષના કાર્યનો શુભારંભ થશે. રાજયના મુખ્યમંત્રી, પાટીદાર મૌલેશભાઇ ઉકાણીએ જણાવ્યું હતું કે ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા કાલે રવિવારે સવારે ૯:૩૦ કલાકે યોજાનારા 'માઁનું તેડું' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની હિમોગ્લોબીનની ગોળીથી તુલા કરી મહિલાઓમાં વિતરણ કરાશે.

આલેચ પર્વતમાળમની ગોદમાં વસેલા સિદસર ગામમાં વેણુ નદીના કાંઠે ભૂમિપૂજન, લોકાર્પણ, સ્મૃતિ સમારોહના આ ત્રિવેણી સંગમ સમા દશાબ્દી મહોત્સવમાં સિદસર મંદિરે માં ઉમિયાનું પૂજન અર્ચન ધ્વજારોહણ

ઉમિયા માતાજી મંદિર સિદસર દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ માટે સૌરાષ્ટ્રભરના ૧૨ જીલ્લાના ૭૭૬ ગામમાં ઉમિયા પરિવાર સંગઠન સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિના ૧૦ હજારથી વધુ સ્વયંસેવકોને સાંકળથી જોડવા એક સમયે ઉમા કળશ યોજનાનો પ્રારંભ કરાશે ઉમા કળશ યોજના પ્રારંભિક ધોરણે રાજકોટ શહેરમાં શરૂ થશે.

આ કળશ યોજના થકી પ્રત્યેક પાટીદાર પરિવાર દરરોજનો ૧ રૂપિયા લેખે વર્ષના ૩૬૫ રૂપિયા નિધિ જમા કરાવશે. રાજકોટ શહેરના ૨૫ હજાર માંડીને ૨.૫૧ કરોડ સુધીના પાટીદાર મહાપદ્મ, પાટીદાર પદ્મ, પાટીદાર કુબેર, પાટીદાર ભામાશા, પાટીદાર શ્રેષ્ઠીઓના સન્માન કરાશે. આ પ્રસંગે જામનગર આણંદબાવા આશ્રમના દેવપ્રસાદજી મહારાજ આર્શીવચન પાઠવશે.

## રાજકોટમાં પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજી આદિ ઠાણાનો તા.૬ ઠ્ઠીએ આયંબિલ ઓળી પર્વ અર્થે મંગલ પ્રવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ-સી.એમ.શેઠ પૌષધશાળા ઓમાનવાળા ઉપાશ્રય, રાજકોટના આંગણે રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજી આદિ ઠાણા ૯ આગામી દિવસોમાં આવી રહેલા આયંબિલ ઓળી પર્વ અર્થે પધારી રહ્યા છે ત્યારે તેમના શ્રી સંઘમાં મંગલ પદાર્પણ અવસરે તા.૬ ના બુધવારે સવારે ૭ કલાકે, સંજયભાઈ કાંતિભાઈ શેઠના નિવાસસ્થાન- ધર્માલયથી માનવતા શોભાયાત્રાનો પ્રારંભ થશે અને રાજકોટના રાજમાર્ગ પરથી પસાર થતા, શ્રી સંઘના આંગણે વિરામ પામતા સર્વ માટે નવકારશીનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવના શ્રીમુખેથી દીક્ષિત થયેલા પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજી

**રાજકોટના સાત-સાત સંયમી દીકરીઓ સાથે ૯ પરમ મહાસતીજીઓના સ્વાગત માટે માનવતા શોભાયાત્રાનું આયોજન**

સાથે રાજકોટના સાત સાત સંયમી દીકરીઓ પૂજ્ય શ્રી પરમ અર્પિતાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ જિનવરાજી મહાસતીજી,પૂજ્ય શ્રી પરમ સ્વમિત્રાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ શ્રીજિનેશ્વરાજી મહાસતીજી, પૂજ્ય શ્રી પરમ શ્રુતપ્રિયાજી મહાસતીજી તેમજ નવદીક્ષિત પૂજ્ય શ્રી પરમ સુનિષ્ઠાજી મહાસતીજી જયારે શ્રી સંઘના આંગણે આયંબિલ પર્વની આરાધના કરાવવા પધારી રહ્યા છે ત્યારે સમગ્ર રાજકોટના ભાવિકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ વર્તાઇ રહ્યો છે.

તા.૭મીથી તા.૧૫મી સુધી ચાલનારા આયંબિલ ઓળી પર્વ અંતર્ગત દરરોજ સવારે ૭ થી ૮ ધ્યાન જેના અંતર્ગત સુર ધ્યાન, મુદ્રા વિજ્ઞાન અને પ્રતિબોધ. ત્યાર બાદ ૯:૧૫ થી ૧૦:૩૦ પ્રવચન, ૧૦:૩૦ થી ૧૧:૩૦ વિશિષ્ટ કિવઝનું આયોજન,૧૧:૩૦ બાદ આયંબિલનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ શિશુ દર્શન તેમજ સાંજે ૮:૩૦ થી ૯:૩૦, ૨૦ વર્ષથી નાની બાલિકાઓ તેમજ પુત્ર વધુઓ માટે વિશિષ્ટ કમ્મધમ્મા શિબિર યોજવામાં આવશે.

## ગજાનનધામ તથા જલારામ રઘુકુળ હોસ્પિટલ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

બાલાજી હનુમાનજી પ્રેરિત ગજાનન ધામ ત્યાં શ્રી જલારામ રઘુકુળ હોસ્પિટલનાં સંયુક્ત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું, જેમાં નિદાન-સારવાર તથા દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી જેનો ૩૦૦થી પણ વધુ લોકોએ બાલાજી હનુમાનજી મંદિર ખાતે લાભ લીધો હતો.



અતિથી વિશેષ તરીકે પૂ.વિવેવસાગરદાસજી સ્વામી પૂ. રાધારમણ સ્વામી, રામભાઈ મોકરીયા (રાજયસભા સાંસદ), ગોવિંદભાઈ પટેલ (ધારાસભ્ય) કમલેશભાઈ મીરાણી (શહેર પ્રમુખ) કશ્યપભાઈ શુકલ (પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન) શ્રીમતિ વર્ષાબેન કે. પાંધી (કોર્પોરેટર) દેવાંગભાઈ માંકડ (કોર્પોરટર) અનીલભાઈ પારેખ, જયેન્ભાઈ મહેતા વિગેરેના હસ્તેદિપ પ્રાગટય કરી પ્રસંગને દિપાવ્યો હતો.

આ તકે જલારામ રઘુકુળ હોસ્પિટલનાં ચેરમેન કેતનભાઈ પાવાગઢી તથા વા. ચેરમેન શૈલેષભાઈ પાબારીનો સહવિશેષ સહકાર પ્રાપ્ત થયેલ. ડો. હેમંત વર્ષનેય, ડો. વંદન કાનાબાર, ડો.ધ્રુવ કોટેચા, ડો. પૃથ્વીરાજ કુબાવત ડો. નૈમીષ રાંક, ડો. અભિષેક ગોલ, ડો. દિશા ઝાલાવડીયા તથા મેનેજમેન્ટ વતી અભયભાઈ શાહ સેવા આપેલ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગજાનનધામ પરીવારનાં કિરીટભાઈ પાંધી, મુકેશભાઈ ગુસાણી, ભરતભાઈ ગમારા, રમણિકભાઈ મીરાણી, રાજુભાઈ ચાવડા, સંજયભાઈ વાઘેલા, કાકુભાઈ મહેતા, કિશન પાંધી, સંદિપભાઈ હિરપરા, ધવલભાઈ, ધનેશભાઈ, ભાર્ગવભાઈ, અજયભાઈ ચાવડા,પ્રવિણભાઈ પટેલ, મિતેષગણાત્રા, દિલીપ ગમારા, દિલીપભાઈ જોષી, રજનીભાઈ તથા અન્નક્ષેત્ર પરીવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી બાળકીનું ભીખ મંગાવવાના ઈરાદે અપહરણ કરી લઈ જવાના ગુનામાં અદાલતે મહિલા આરોપીને તકસીરવાન ઠેરવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

આ કેસની હકીકત મુજબ ગોંડલમાં આવેલી મોંઘીબા સ્કૂલ સામે રહેતા ઉષાબેન પ્રકાશભાઈ ગોસ્વામી નામના મહિલા પોતાની ૬ માસની પુત્રી દિવ્યાને સાથે લઈ તા.૧૯/૬/૨૦૧૬ના રોજ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવ્યા હતા ત્યારે મૂળ બાબરાની વતની અને રાજકોટ રેલ્વે સ્ટેશન ખાતે રહેતી રાધિકા ઉર્ફે ટકી મનસુખભાઈ ડાભી અને સવિતા શશીભાઈ કકૈયા નામની બે મહિલાઓએ ઉષાબેન ગોસ્વામીને કેસ કઢાવી દેવા અને મદદ કરવાના બહાને ઉષાબેન ગોસ્વામીની છ માસની પુત્રી દિવ્યાનું અપરણ કરી રાધિકા ઉર્ફે ટકી ડાભી નાસી છુટી હતી ઉષાબેન ગોસ્વામીએ પ્રનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી



સરકારી વકીલ બીનલબેન રવેશીયા

ફરિયાદના આધારે પ્રનગર પોલીસે છ માસની બાળકીનું અપહરણ કરી નાસી છૂટેલી રાધિકા ઉર્ફે ટકી ડાભીને વીરપુર ખાતેથી ઝડપી લીધી હતી માસૂમ બાળકીનું અપહરણ કરવાના ગુનામાં સવિતા સવિતા કકૈયાને જામીન મુક્ત કરવામાં આવી હતી ત્યારબાદ મહિલા આરોપી રાધિકા ઉર્ફે ટકી ડાભી સામેનો માસુમ બાળકીના અપહરણનો કેસ સુનાવણી પર આવતા રાજકોટ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એચ.એમ પવારે બંને પક્ષના વકીલોની દલીલો અને રજૂઆતોને ધ્યાને લઇ હોસ્પિટલમાંથી છ માસની બાળકીને ભીખ મંગાવવાના ઈરાદે અપહરણ કરી જનાર મહિલા આરોપી રાધિકા ઉર્ફે ટકી ડાભીને ૫ વર્ષ, ૯ માસ અને ૩ દિવસની સજા ફરમાવતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ બીનલબેન રવેશીયા રોકાયા હતા.

## કોઠારીયા રોડ ડોકટર્સ એસો. દ્વારા મગજના સ્ટ્રોક અંગે વિસ્તૃત માહિતી અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨: કોઠારીયા રોડ ડોકટર્સ એસો.દ્વારા મગજના સ્ટ્રોક અંગે વિસ્તૃત માહિતી અપાઇ કોઠારીયા રોડ ડોક્ટર્સ એસોસિએશનના પ્રમુખ ડો.નરેન્દ્ર વિસાણી દ્વારા આજ રોજ નામાંકિત ઈન્ટરનેશનલ ન્યૂરોલોજીસ્ટ ડો. કોમિલ કોઠારી એ મગજના સ્ટ્રોકના કારણો અને તેનું આધુનિક પધ્ધતિથી નિદાન તથા તેમણે સંપૂર્ણ સારવાર વિશે કોઠારીયા રોડના ડોક્ટરોને વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો.જયેશ રાજ્યગુરૂ, ડો. રિકંલ મેઘાણી, ડો. અક્ષય પટેલ, ડો. મંગે એ જહેમત ઉઠાવી હતી.અંતમાં આભાર વિધિ ડો. હિમાંશુ જાનીએ કરેલ હતી.



(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ગુજરાતમાં અરવિંદ કેજરીવાલનો ચૂંટણી શંખનાદ

ભગવંત માને ઐતિહાસિક સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી. બાપુનાં આશ્રમમાં આવીને કેજરીવાલે ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી. ગાંધીજીનાં પ્રબોધેલા આદર્શોમાં પોતાની આસ્થા અને વિશ્વાસનાં ગુજરાતની જનતાને દર્શન કરાવ્યા હતા. આજે બપોરે ૪ વાગ્યાથી કેજરીવાલ અને માન નો રોડ-શો શરૂ થશે. નિકોલનાં ખોડીયાર મંદિરેથી ભવ્ય રોડ-શો શરૂ થશે અને વિજય ચોક પહોંચીને સમાપન થશે. આમ આદમી પાર્ટીનાં બબ્બે મુખ્યમંત્રીનાં એક સાથે આગમનથી પક્ષનાં ગુજરાત એકમમાં જબરદસ્ત ઉત્સાહ અને રોમાંચનું મોજું ફરી વળ્યું છે. 'આપ'નાં નેતાઓનાં અને કાર્યકરો દ્વારા રોડ-શો ની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે અને કાર્યકરોમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બંને મહાનુભાવો તિરંગા યાત્રામાં પણ ભાગ લેશે. આવતીકાલ તા.૩ એપ્રિલ અને રવિવારે અરવિંદ કેજરીવાલ સવારે શાહીબાદનાં સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લઇ દર્શન કરશે. એ પછી આમ આદમી પાર્ટીનાં ગુજરાત ઘટનનાં નેતાઓ તેમજ વિવિધ સામાજીક આગેવાનો સાથે સઘન ચર્ચા- વિચારણા કરશે. પંજાબમાં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ હવે કેજરીવાલ ગુજરાતમાં પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરવા અને વિધાનસભાની ચૂંટણીઓમાં હરીફ પક્ષોને જબરદસ્ત ટક્કર આપવા માટે કટીબધ્ધ બન્યા છે. એમની બે દિવસની યાત્રાને મિશન ગુજરાતનાં ભાગરૂપે જોવામાં આવી રહી છે. દિલ્હીમાં કેજરીવાલનું શાસન મોડેલ અને તેની સફળતાથી ગુજરાતની પ્રજા પણ વાકેફ છે. ગુજરાતની જનતાને દિલ્હી અને પંજાબ મોડેલથી વાકેફ કરી આગામી ચૂંટણીઓમાં ગુજરાતનો ગઢ જીતીને નવો ઈતિહાસ સર્જવાની આમ આદમી પાર્ટી આશા રાખે છે. બપોર બાદ અરવિંદ કેજરીવાલની હાજરીમાં અન્ય પક્ષોનાં કેટલાક ટોચનાં નેતાઓ અને કાર્યકરો વિધિવત આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી શક્યતા છે. દિલ્હીમાં ભાજપ કાર્યકરોએ કેજરીવાલનાં નિવાસ પર હુમલો કર્યા બાદ કેજરીવાલની સુરક્ષામાં જોરદાર વધારો કરવામાં આવ્યો છે. કેજરીવાલ અને માન બંને નેતાઓએ ગાંધી આશ્રમમાં ગાંધીજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે નઆપથ નાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા, ચૂંટણી પ્રભારી ગુલાબસિંહ યાદવ, ઇસુદાન ગઢવી, સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા વગેરે હાજર રહ્યા હતા. (૨.૧૨)

### પેટ્રોલ-ડીઝલના ભાવમાં આજે ફરી ઉછાળો

મધ્યપ્રદેશના બાલાઘાટમાં પેટ્રોલનો ભાવ રૂા.૧૧૭.૪૦ પ્રતિ લિટર જયારે ડીઝલનો ભાવ રૂા.૧૦૦.૪૨ પ્રતિ લિટરે પહોંચી ગયો છે. જયારે રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં પેટ્રોલ ૧૨૦.૦૮ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૧૦૨.૬૯ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે. મહેરબાની કરીને નોંધ કરો કે સ્થાનિક વેરાના આધારે પેટ્રોલ અને ડીઝલની કિંમતો દરેક રાજયમાં બદલાય છે. દેશના ચાર મહાનગરોની સરખામણી કરીએ તો મુંબઈમાં પેટ્રોલ અને ડીઝલ સૌથી મોંઘા છે. ૨૨ માર્ચથી પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવા લાગ્યા છે. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ૨૪ માર્ચ અને ૦૧ એપ્રિલના કુલ બે દિવસને બાદ કરતાં દરરોજ ભાવ વધી રહ્યા છે. ૨ એપ્રિલના વધારા સહિત કુલ ૧૦ દિવસમાં પેટ્રોલ ૭ રૂપિયા ૨૦ પૈસા મોંઘુ થયું છે. તમને જણાવી દઈએ કે ૨૨ માર્ચથી ૦૨ એપ્રિલ સુધી એટલે કે કુલ ૧૨ દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૧૦ ગણો વધારો થયો છે.

### વસ્તી નિયંત્રણ દબાણ નહીં જાગૃતિથી થાયઃ માંડવિયા

તેમણે રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વેક્ષણનાં આંકડા ટાંક્યા હતા અને જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી વસ્તી વધારાનો દર એકધારો ઘટી રહ્યો છે. દાયકાઓ અગાઉ પ્રતિ મહિલા સંતાનોનાં જન્મની સરેરાશ ૨.૨૦ હતી જે આપણે આપણા રાષ્ટ્રીય લક્ષ્યાંકનાં દર ૨.૦૦ સુધી લઇ આવ્યા છીએ. વસ્તી ગણતરીમાં પણ માલુમ પડ્યું છે કે સરેરાશ જન્મદરમાં પણ ઘટાડો થયો છે. સગીર કન્યાઓનાં લગ્નનાં પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયાનો આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ દર્શાવ્યું હતું કે, કોઈ જાતનું દબાણ કર્યા વિના અને કાનૂની રીતે ફરજ પાડ્યા વિના સરકારની વસ્તી નિયંત્રણ નીતિઓ સફળ રહી છે. માંડવિયાની વિનંતીથી ભાજપ સાંસદે ખરડો પાછો ખેંચી લીધો હતો.(૨.૧૨)

## પીજીવીસીએલ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને તેની સંલગ્ન કંપનીઓ દ્વારા દર વર્ષની કંપની ડે તરીકે ઉજવવામાં કરવામાં આવે છે. તે અંતર્ગત ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા કોર્પોરેટ કચેરી ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

પીજીવીસીએલના મેનેજીંગ ડાયરેકટર વરૂણકુમાર બરણવાલ, જોઇન્ટ મેનેજીંગ ડાયરેકટર પ્રીતિ શર્મા મેડમ, ચીફ ઇજનેર (ટેક) જે. જે. ગાંધી એડી. જનરલ મેનેજર (એચઆર) કટારા અને અન્ય અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં બ્લડ ડોનેશન કેમ્પનો પ્રારંભ કરવામાં આવેલ અને બ્લડ ડોનેટ કરનાર અધિકારીઓ અને કર્મચારીઓનો ઉત્સાહ વધારી તેમને બિરદાવેલ.



(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### આજથી ચૈત્રી નવરાત્રીનો શુભારંભઃ માતાજીની ભક્તિમાં લીન ભક્તો

બીજ તા. બીજી મે સોમવાર સુધી આરતીનો સમય સવારે ૭ થી ૭:૩૦, દર્શન સવારે ૭:૩૦ થી ૧૧:૩૦, બપોરનાં રાજભોગ ૧૨ વાગ્યે, બપોરનાં દર્શન ૧૨:૩૦ થી ૪:૩૦, સાંજની આરતી સાંજે ૭ થી ૭:૩૦ અને દર્શન સાંજે ૭:૩૦ થી ૯ સમયગાળો રાખવામાં આવ્યો છે. પાવાગઢ ખાતે જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં સુરક્ષાનાં જુદા- જુદા પોઈન્ટ નક્કી કરી ૯૦૦ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આજે નવરાત્રીનાં પ્રારંભે જ શનિવાર હોવાથી યાત્રાળુઓનો જબરદસ્ત ધસારો છે. આથી વહેલી સવારે પાંચ વાગ્યાથી જ નિજ મંદિરનાં દ્વાર ખોલી નાખવામાં આવ્યા છે. માતાજીનાં નૂતન મંદિરનાં પરિસરમાં એકસાથે બે હજાર ભાવિકો દર્શન કરે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. મંદિર દર્શન માટે જવા-આવવાના બંને પગથીયાનો ઉપયોગ કરાશે. ભાવિકોને મદદ કરવા મંદિરનાં વોલન્ટીયર અને ખાનગી સિક્યુરીટી જવાનો ખડેપગે રહેશે. મંદિર જતા બાવા બજારમાં ભીડ ભેગી ન થાય માટે વચ્ચે બેરીકેટ કરાયું છે. ચૈત્રી નવરાત્રી દરમ્યાન તળેટીથી માંચી સુધીનાં રસ્તા પર કલેકટરે ખાનગી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુક્યો છે. હાલોલ મામલતદાર દ્વારા ઈશ્યુ કરાયેલા પાસ ધારકો જ માંચી સુધી વાહનો લઇ જઈ શકશે. માંચી સુધીની સેવા માટે એસટી વિભાગ દ્વારા ૫૦ એસટી બસ ૨૪ કલાક સેવા માટે મુકાઇ છે. માંચીથી ડુંગર સુધી લઇ જતા રોપ-વે નું સવારે ૪ વાગ્યે બુકિંગ શરૂ થશે.(૨.૧૨)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### શ્રીલંકામાં રોટીનાં રમખાણો બાદ કટોકટી જાહેર

મુજબ કડક હાથે કામ કરવાનો લશ્કરને છૂટો દૌર આપવામાં આવ્યો છે. લશ્કર ગમે ત્યારે શકમંદોની ગમે ત્યારે ધરપકડ કરી શકશે અને કેસ ચલાવ્યા વિના એમને અટકાયતમાં લાંબો સમય રાખી શકશે. સવા બે કરોડની વસ્તી ધરાવતા શ્રીલંકાની આર્થિક કટોકટી માટે લોકો પ્રમુખને જવાબદાર ગણે છે અને ગોટાબાયાનાં રાજીનામા માટે હિંસક આંદોલન ચલાવી રહ્યા છે. કટોકટીકાળમાં કોઈપણ મિલ્કતની સરકાર જપ્તી કરી શકશે અને કોઈપણ રહેણાંક કે વાણિજય બિલ્ડીંગની તપાસ કરી શકશે. ગઈકાલે શ્રીલંકાનાં પ્રમુખનાં નિવાસ સ્થાને હિંસા, તોડફોડ અને આગજની બદલ ૫૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ઠેરઠેર લશ્કરનાં ધાડા ઉતારી દેવામાં આવ્યા છે. દરમ્યાન દિલ્હીની મુલાકાતે આવેલા તમિલનાડુનાં મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. તેમણે શ્રીલંકાનાં તમિલોને માનવતાવાદી સહાય મોકલવા વડાપ્રધાનને વિનંતી કરી હતી. શ્રીલંકાને માનવતાનાં ધોરણે સહાય કરવા વિશ્વનાં દેશોને અપીલ કરવામાં આવી છે.(૨.૧૨)

આઝાદી કા અમૃત મહોત્સવ | ગુજરાત સરકાર

# મૃદુતા સાથે **મક્કમતા,** નિર્મળતા સાથે **નિર્ણાયકતા**



“ જમીન સાથે જોડાયેલા અને ટેકનોલોજીનો ઉપયોગ કરનારા ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત ચોતરફા વિકાસ કરશે ”



માનનીય મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના

નેતૃત્વમાં

# 200

**દિવસની જનસેવાની પરિશ્રમ યાત્રા**

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના પ્રથમ 200 દિવસના કાર્યકાળમાં 61 હજાર કિલોમીટર પ્રવાસ કરી લોકોની વચ્ચે જઇને, લોકોના બની, સઘન લોક સંપર્ક દ્વારા બહુવિધ જનહિતકારી કાર્યક્રમોથી ગુજરાતનાં ખૂણે ખૂણાના વિકાસ માટેનો નિષ્ઠાવાન પુરૂષાર્થ



- ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા ₹2 લાખ 44 હજાર કરોડના બજેટની પ્રસ્તુતિ



- એક હજાર દિવસની સંભાળ-સ્વસ્થ રહે માતા અને બાળના મંત્ર સાથે મહિલાઓના સુપોષણ માટે ₹850 કરોડ વપરાશે. 1,000 દિવસ સુધી સગર્ભા મહિલાને પોષક આહાર પૂરો પાડવામાં આવશે



- ખેડૂતમિત્રોના હિતાર્થે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરી રસાયણયુક્ત ખેતીથી મુક્તિ આપી. ડાંગ જિલ્લો બન્યો 100 ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો



- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના દ્વારા ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓનો માળખાકીય વિકાસ



- નલ સે જલ કાર્યક્રમની કામગીરી ઝડપી કરી વર્ષના અંતે રાજ્યભરમાં નળથી જળ પૂરું પાડવાનો સંકલ્પ

# વિધાનસભાની ચૂંટણીમાં રાજકોટ જીલ્લાની તમામ બેઠકો જીતવા નિશાન તાકતા ખાટરીયા



## જીલ્લા કોંગ્રેસ પ્રમુખ અર્જુન ખાટરીયાનો પદગ્રહણ સમારોહ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રાજકોટ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અર્જુનભાઈ ખાટરીયાએ ચાર્જ સંભાળ્યો છે. અર્જુનભાઈ ખાટરીયાએ જણાવ્યું છે કે સમગ્ર જીલ્લામાં ખૂબ જ ટૂંકા સમયમાં તાલુકા કક્ષાએ પહોંચી સંગઠનનું માળખુ જેટ ગતીની સ્પીડથી નિમણૂંક કરી તમામ હોદ્દેદારોને કાર્યરત કરી સમગ્ર જિલ્લામાં કોંગ્રેસને જીવતુ અને ધબકતુ કરવામાં આવશે.

તમામ તાલુકા કક્ષાએ જઈ રૂબરૂ મિટિંગો, તાલુકાની પરિસ્થિતિ, તમામ કાર્યકર્તાઓ સાથે પરીચય મેળવી કાર્યકર્તાઓમાં નવો જોમ અને ઉત્સાહ વધે અને આવતી વિધાનસભામાં કોંગ્રેસનો શ્રેષ્ઠ દેખાવ થાય તેમજ ભારતીય જનતા પાર્ટીની નિષ્ફળતા ઓને ઉજાગર કરવામાં આવશે.

આજના કાર્યક્રમમાં પ્રભારી ઋત્વીકભાઈ મકવાણા (ધારાસભ્ય ચોટીલા) અને ભીખુભાઈ વાડોતરીયા, ધારાસભ્યઓ લલીતભાઈ વસોયા, લલીતભાઈ કગથરા, પૂર્વ પ્રમુખ હિતેષભાઈ વોરા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ શહેનાઝબેન બાબી, મહીલા કોંગ્રેસ અગ્રરી શૈલેષભાઈ કપુરીયા સહિતના આગેવાનો કાર્યકરો અને જીલ્લા કોંગ્રેસ પરિવારના તમામ સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સુરેશભાઈ બથવાર, શૈલેષભાઈ કપુરીયા અને મનુભાઈ કષ્ટભંજને જહેમત ઉઠાવેલ હતી અને કાર્યક્રમનું આયોજન વિરલ ભટ્ટે કર્યું હતું.

### રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત

## સરકારના ઓનલાઈન પોર્ટલમાં નિકાસકારોને હેરાનગતિ



**સર્ટિફિકેટ ઓફ ઓરીજીન મેન્યુઅલી ઈશ્યુ કરવા મુદત વધારાઈ છતાં અનેક સમસ્યાઓ યથાવત**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

સરકારએ નિકાસકારોને ઓનલાઈન સર્ટિફિકેટ ઓફ ઓરીજીન માટે કોમન ડિઝીટલ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ઓનલાઈન સર્ટિફિકેટ ઓફ ઓરીજીનના પોર્ટલમાં નિકાસકારોને ભોગવવી પડતી વિવિધ મુસીબતો બાબતે રાજકોટ ચેમ્બર દ્વારા સચોટ રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને સરકારે સર્ટિફિકેટ ઓફ ઓરીજીન મેન્યુઅલી ઈશ્યુ કરવા માટે સુધી મુદત વધારો કરી આપેલ. તેમ છતા નિકાસકારોની ઘણીબધી મુસીબતોનું યોગ્ય નિરાકરણ ન થવાનું જણાતા રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રાએ ડીજીએફટી ન્યુ દિલ્હી તથા રાજકોટ જોઈન્ટ ડીજીએફટી સમક્ષ રજૂઆત કરેલ છે.

જે પ્રમાણે (૧) પોર્ટલમાં કોલમનં.૭ માં નિકાસ કરેલ વસ્તુની વિગત દર્શાવવાની હોય છે. જેમાં એક કરતા વધારે નિકાસ વસ્તુઓના કિસ્સામાં દરેક આઈટમની જરૂરી વિગતો એક જ કોલમમાં ફાળવેલ મર્યાદીત જગ્યામાં દર્શાવી શકાતી નથી. તેથી કોલમ નં.૭ ની વિગત સમાવવા માટેની જગ્યા મોટી કરવી. અથવા આના વિકલ્પે એક અલગ સ્ટેટમેન્ટમાં તમામ વસ્તુઓની વિગત દર્શાવી CoO ફોર્મમાં કોલમનં.૭ માં સાથે બીડેલ ફોર્મ મુજબ માન્ય રાખવું જોઈએ. (૨) સર્ટિફિકેટ ઓફ ઓરીજીનની ફીનું પેમેન્ટ કરવા માટે કોર્પોરેટ બેન્કીંગનું પ્રાવધાન પોર્ટલમાં કરવું ખાસ જરૂરી છે. (૩) સર્ટિફિકેટ ઓફ ઓરીજીન ઓનલાઈન જનરેટ કરતી વખતે નિકાસકારોએ નિકાસપાત્ર આઈટમ બનાવવા માટે કરેલ તમામ આયાતોની વિગતો આપવી ખુબ જ અસુવિધાજનક જણાય છે અને સમયનો વ્યય પણ થાય છે. જેનું તાત્કાલીક નિવારણ લાવવું. (૪) સર્ટિફિકેટ ઓફ ઓરીજીન ના ચાર્જ પેટે એક પેઈઝ દીઠ રૂા.૨૩૬ ફી નિર્ધારીત કરાયેલ છે. પરંતુ બે કે ત્રણ પેઈઝના કિસ્સામાં દરેક પેઈઝ દીઠ રૂા.૨૩૬ ભરવાપાત્ર થાય છે. સદર જોગવાઈ તાત્કાલીક સુધારી પેઈઝ વાઈઝને બદલે સર્ટિફિકેટ ઓફ ઓરીજીન વાઈઝ રૂા.૨૩૬ ફી લઈ શકાય તેવી વ્યવસ્થા કરવી. (૫) નિકાસકાર સિસ્ટમમાં ઈનવોઈસ અટેસ્ટેડ કરાવી શકે તવી સુવિધા આપેલ છે. પરંતુ અન્ય સહાયક ડોક્યુમેન્ટ જેવા કે પેકિંગ લીસ્ટ વગેરે અટેસ્ટેડ માટે જોગવાઈ થયેલ નથી. તેથી નિકાસકાર તમામ ડોક્યુમેન્ટ અટેસ્ટેડ કરી શકે તેવી વ્યવસ્થા કરવી. (૬) નિકાસકાર માટે ફાઈનલ ડેસ્ટીનેશન (અંતિમ સ્થળ) દેશ દર્શાવવાનું હોય છે. જે માટે ચેક લીસ્ટ પ્રોવાઈડ કરવામાં આવેલ છે. પરંતુ ચેકલીસ્ટમાં સામેલ ન હોય તેવા દેશમાં નિકાસના કિસ્સામાં જે તે દેશનું નામ સીસ્ટમ માન્ય રાખતી નથી. આવા સંજોગોમાં અન્ય ઓપ્શનનું પ્રાવધાન તાત્કાલીક કરવાની જરૂર છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉપરોક્ત તમામ સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ ન થાય ત્યાં સુધી મેન્યુઅલી ઈશ્યુ કરવાની સમય મર્યાદા વધારી ન્યુ દિલ્હી ડીજીએફટીશ્રી અમિત યાદવ સમક્ષ તથા રાજકોટ જોઈન્ટ ડીજીએફટી સમક્ષ ખાસ રજૂઆત કરી છે.

## અધુરી વિગતને કારણે કરદાતાએ ભરેલ રકમનું રીફંડ મેળવવું મુશ્કેલ



(તસવીરઃ પંકજ ડાભી)

**વેપાર ઉદ્યોગના કરદાતાઓને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રશ્નો રજૂ કરવા ઓપન હાઉસનું આયોજન**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

જીઆરસીસીઆઈ ઉપપ્રમુખ તથા સેમિનાર આયોજન ઈન્ચાર્જ રાજીવભાઈ દોશીએ જણાવ્યું હતું કે, આવકવેરા દ્વારા કરવામાં આવતી આવકવેરા કાયદાની જુદી-જુદી પ્રક્રિયાઓ મહદઅંશે કોમ્પ્યુટરાઈઝડ અને ડિઝીટલાઈઝેશન થઇ રહેલ છે . તે અનુસંધાને હાલમાં કરદાતાના વાર્ષિક પત્રકો ફરજીયાતપણે ઓનલાઇન ફાઇલ કરવાના હોય છે. તેમજ કરદાતાની આકારણી પણ ડિઝીટલાઈઝેશન પ્રક્રિયા હેઠળ 'ફેસલેશ' કરવામાં આવી રહેલ છે. આ પ્રક્રિયા ઓનલાઇન કરવાની હોય છે. પરંતુ સરકારના આવકવેરા અંગેનું પોર્ટેલ નિયમિત રીતે અને નિશ્ચિત રીતે કાર્ય કરતુ ન હોવાને કારણે અનેકવાર આ પ્રક્રિયા થઇ શકતી નથી. અને આ પ્રક્રિયા દરમ્યાન ભરવામાં આવતા રિટર્નમાં આપવાની થતી કેટલીક માહિતીઓ પૂર્ણપણે આપી શકાતી નથી. તેથી ઘણી જ વિટંબણાઓ ઉપસ્થિત થાય છે. અને મોડુ પત્રક ભરવા બદલ દંડકીય કાર્યવાહીનું ભારણ કરદાતા પર આવે છે. અને અધુરૂ પત્રક ભરવાને કારણે પણ એસેસમેન્ટ સમયે પૂર્ણ માહિતી ન હોવાને કારણે અધુરી માહિતીના આધારે કરદાતાનું એસેસમેન્ટ થતા કરદાતા પર કરવેરા ભરવાનું ભારણ દર્શાવી નોટીસો આપવામાં આવે છે. જયારે આ નોટીસનો જવાબ ફેસલેશ પ્રક્રિયા હોવાથી કઇ કચેરીમાં આપવા વિશે જાણ થતી નથી. તેથી આવા એકતરફી આદેશની સામે અપીલમાં જવું પડે છે. જે પ્રક્રિયા ખર્ચાળ તથા સમય માંગી લે તેવી છે. તેમજ કરદાતાની આકારણી એકસપાર્ટી થતા અને અધુરી વિગતને કારણે કરદાતાએ ભરેલ રકમનું રીફંડ મેળવવું મુશ્કેલ રહે છે. તેથી કરદાતાની મુડી ડિપાર્ટમેન્ટ પાસે ફસાયેલી રહે છે. આમ આ પ્રક્રિયા દરમ્યાન જુદી-જુદી અનેક પ્રકારની મુશ્કેલીઓ કરદાતાએ તથા આવકવેરાના સલાહકાર વકિલોને ભોગવવી પડતી હોય છે. આ ઓપન હાઉસના આયોજનમાં આવકવેરા ખાતા તરફથી ડિપાર્ટમેન્ટના લાગતા વળગતા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે અને આ ખુલ્લા મંચમાં તેઓ સમક્ષ કરદાતા અને વકિલોને પડતી મુશ્કેલીઓ અંગેના પ્રશ્નો રજુ થનાર છે. અને મહદઅંશે આ પ્રશ્નોના નિકાલ અંગેનો પ્રયત્ન થનાર છે. જેથી વેપાર ઉદ્યોગના કરદાતાઓને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રશ્નો રજુ કરવાની તક આપવાના ઉદ્દેશથી આ ઓપન હાઉસનું આયોજન ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટીશનર, ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટ ઓફ રાજકોટ બ્રાન્ચ તથા રાજકોટ ટેક્ષ કન્સલ્ટન્ટ સોસાયટીના સંયુકત ઉપક્રમે કરવામાં આવેલ છે. જીઆરસીસીઆઈ પ્રમુખ ધનસુખભાઈ વોરા, રાજકોટ ટેક્ષ કન્સલ્ટન્ટ સોસાયટીના પ્રમુખ રાજુભાઈ માણેક, મનોજભાઈ રાઠોડ (સી.એ) સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## બ્રહ્મસમાજના ૧૫ તડગોડ પ્રમુખોની ચિંતન શિબિર



**સમાજને વધુ મજબૂત કરવા આગામી દિવસોમાં અગ્રણીઓની બેઠક યોજવા નિર્ણય**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

તાજેતરમાં રાજકોટ બ્રહ્મસમાજ ના અલગ અલગ મુખ્ય ૧૫ તડગોળના પ્રમુખોની નવા ૧૫૦ રીંગ રોડ ખાતે એક અગત્યની બેઠક મળેલ હતી. જેમાં આગામી દિવસોમાં બ્રહ્મસમાજના શ્રેષ્ઠીઓ માટે એક ચિંતન શિબિરનું આયોજન કરવાનું એક સૂરે નક્કી કરવામાં આવ્યું છે.

સત્તર તાલુકા બ્રહ્મસમાજના પ્રમુખ જર્નાદનભાઈ આચાર્ય જણાવેલ કે આવનારા દિવસોમાં સમાજને વધુ મજબૂત કરવા વડીલો અને યુવાનોએ આગળ આવી સમાજની જરૂરીયાત મુજબ આવનારા પાંચ વર્ષનો રોડ મેપ બનાવો જોઈએ અને બાજ ખેડાવળ બ્રહ્મસમાજના પ્રમુખ જનકભાઈએ બેઠકમાં વર્તમાન અને ભવિષ્યની બ્રહ્મસમાજની તકલીફો કેમ દૂર કરવી તેના ઉપાયો જણાવેલ અને તેના માટેની તૈયારી કેમ કરવી તેની દિશા બતાવી હતી તેમજ ચતુર્વેદી મચ્છુ કાઠાઈ મોઢ બ્રાહ્મણના પ્રમુખ યોગેશભાઈ ભટ્ટએ બ્રાહ્મણ દીકરીઓ માટે કન્યા છાત્રાલય અને યુવાનો માટે શિક્ષણ ક્ષેત્રે આવનારી પેઢીને વધુ ને વધુ સરકારી યોજનાઓ મળે તેના પર ભાર મૂક્યો હતો અને આ તકે બ્રહ્મ ચિંતન શિબિર સમિતિની રચના કરવામાં આવશે.

## હરમંદિર ખાતે પૂજા-અર્ચન કરતા જીમ્મી અડવાણી સહિત સમાજના અગ્રણીઓ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

સિંધી સમાજનું નવું વર્ષ અને ભગવાન શ્રી ઝુલેલાલ જન્મજયંતિ નિમિતે ''ચેટીચાંદ'' ના પવિત્ર પર્વ નિમિતે આજે સવારે શિવસેનાના પ્રદેશ અગ્રણી અને સિંધી સમાજના લોકલાડીલા અને સક્રિય કાર્યકર જીમ્મીભાઇ અડવાણી અને સિંધી સમાજના અગ્રણીઓએ રામનાથપરાના હરમંદિર ખાતે પૂજા અર્ચન અને આરતી કરી હતી.

### આગામી શનિવારે શ્રી હનુમાન જયંતિ સુધી ધાર્મિક ઉત્સવ

## સાળંગપુર શ્રી હનુમંત્ મંત્ર અનુષ્ઠાનનો પ્રારંભ





**શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજને મોગરો, શેવંતી, ગુલાબ વગેરે ફુલોનો દિવ્ય શૃંગાર કરાયો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ધામ આયોજીત શનિવાર- શ્રી હનુમાન જન્મોત્સવ એવં પૂર્ણિમાંનો ત્રિવેણી સંગમ- શ્રી હનુમાન જયંતિના પવિત્ર પ્રસંગે શ્રી હનુમત્ મંત્ર એવં બીજમંત્ર અનુષ્ઠાનનું ભવ્ય આયોજન તા.૨-૪-૨૦૨૨ને શનિવારના રોજ થી તા.૧૬-૪-૨૦૨૨ને શનિવાર સુધી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૨-૪-૨૦૨૨ને શનિવારના રોજથી શ્રી હનુમત્ મંત્ર એવં બીજમંત્ર અનુષ્ઠાનનો પ્રારંભ વડતાલથી પધારેલ સત્સંગ મહાસભાના પ્રમુખ સ્વામી શ્રી નૌતમપ્રકાશદાસજી, પ.પૂ.શ્રી કે.પી.સ્વામી, નાર ગુરૂકુળથી પધારેલ પ.પૂ.શ્રી શુકદેવસ્વામી વિગેરે સંતો દ્વારા તેમજ ૧૦ બ્રાહ્મણો દ્વારા અદ્ભૂત રીતે યજ્ઞ અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શારીરિક, મનની શાંતિ માટે એવું શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને રાજી કરવા માટે આ અનુષ્ઠાનની સેવામાં હરિભક્તો જોડાયા છે.

સાથોસાથ શનિવાર નિમિતે તા.૨ ના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને મોગરો, શેવંતી, ગુલાબ વિગેરે ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવેલ હતો. મંગળા આરતી સવારે ૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા તથા સવારે ૭ કલાકે શણગાર આરતી સ્વામી શ્રી નૌતમપ્રકાશદાસજી દ્વારા કરવામાં આવેલ.

તેમજ મંદિરના પટાંગણમાં શ્રી મારૂતિયજ્ઞનું આયોજન પણ કરવામાં આવેલ . જેનો હજારો ભકતોએ આ અનેરા દર્શનનો ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર હુમલો



**હળવદ નજીક ચોરાઉ રીક્ષા જપ્ત કરતા બેંક કે ફાઈનાન્સની સિઝર ટીમ હોવાનું માનીને ટોળું તૂટી પડ્યું!**

**(મયુર રાવલ દ્વારા)**
હળવદ, તા.૨

અમદાવાદ થી સીએનજી રીક્ષા ચોરીના તપાસ મામલે મુદ્દામાલના વાહન જપ્ત કરવા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ પીએસઆઇ વાઈ.જી. ગુર્જર સહિતની ટીમ ખાનગી ઇનોવા કાર લઈને હળવદ આવી હતી. તે વેળાએ કેટલાક શખ્સો સાથે બોલાચાલી થતા જોતજોતામાં મામલો ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પોલીસની કારને હળવદ માળીયા હાઈ-વે રોડ પર આવેલા ત્રણ રસ્તા નજીક અટકાવી ટોળાએ ગાડીનો આગળના કાચનો કડુસ્લો બોલાવી દીધો હતો. આ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. હળવદ પોલીસ સ્ટાફની ગાડીઓની આવ્યાની જાણ થતા ઈસમો નાશી છૂટ્યા હતા. જેને લઈને ટોળું વિખેરાઈ ગયું હતું. હાજર વ્યક્તિઓએ બેન્ક ના હપ્તા ચડી ગયેલા વાહન જપ્ત કરવા આવતા સિઝરની ટીમ સમજી હુમલો કર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. આ બનાવ બાદ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમ જપ્ત કરાયેલ રીક્ષાઓ અને ઇનોવા કાર સાથે હળવદ પોલીસ સ્ટેશન પહોંચી હતી. બળદેવ સવજીભાઈ કુડેચા રહે.હોટલ હરિદર્શન સોસાયટી, વિક્રમ ઉર્ફે બાબા ધીરુભાઈ કોળી (રહે. કરાચી કોલોની કુંભારવાડા હળવદ) જીતેન્દ્રસિંહ પરમાર (રહે.ધરતીનગર) અમદાવાદ ખાતે વધુ પૂછપરછ માટે લઈ ગયા હોવાનું જાણવા મળે છે.જે બાબતની હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવેલ છે.

## સીઆઈઆઈ એક્સકોન ૨૦૨૧-દક્ષિણ એશિયાનો સૌથી મોટો બાંધકામ સાધનોનો શો બેંગલુરૂમાં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) એ આજે એક્સકોન ૨૦૨૧ ની જાહેરાત કરવા માટે શહેરમાં રોડ શોનું આયોજન કર્યું હતું જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ સાધનના ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ અને હિતધારકોની સાથે સરકારના વરિષ્ઠ અધિકારીઓની સહભાગિતા જોવા મળી હતી. એક્સકોન ૨૦૨૧, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા આયોજિત દક્ષિણ એશિયાનો સૌથી મોટો બાંધકામ સાધનો અને બાંધકામ ટેકનોલોજી વેપાર મેળો ૧૭ - ૨૧ મે ૨૦૨૨ દરમિયાન બેંગ્લોર ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર, બેંગલુરુ ખાતે યોજાનાર છે. એક્સકોન ૨૦૨૧ ૩,૦૦,૦૦૦ ચોરસ મીટર ડિસ્પ્લે વિસ્તારમાં ફેલાયેલો હશે અને યુએસએ, UK, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, યુ.એ.ઈ., દક્ષિણ કોરિયા, સિંગાપોર અને શ્રીલંકા જેવા દેશો સહિત ભારત અને વિદેશમાંથી ૧૦૦૦ થી વધુ પ્રદર્શકોને આકર્ષવાની અપેક્ષા છે. ૫-દિવસીય પ્રદર્શન વિશ્વભરમાંથી ૪૦,૦૦૦ થી વધુ બિઝનેસ મુલાકાતીઓને આકર્ષિત કરશે.

### અવસાન નોંધ

રાજકોટઃ સ્વ. દલપતરામ પુરૂષોત્તમભાઈ પંડ્યાના પત્ની ગં.સ્વ.પુષ્પાબેન (જશવંતીબેન) પંડ્યા (ઉંમર ૮૭ વર્ષ) તે વિનોદ ડી.પંડ્યા (એ.જી.ઓફિસ), શાસ્ત્રીજી ઉમેશ પંડ્યાના માતા, કલ્પના પંડ્યા (બી.એસ.એન.એલ.) ના સાસુ, અને દિવ્યા મહેશકુમાર પંડિત, હસુમતી મહેશકુમાર વ્યાસ, ચેતના રાજેન્દ્રકુમાર મજેઠીયા, સ્વાતિ વિનયકુમાર ઠાકરના માતા સ્તુતિ રથીન જોશી (બેંગલોર) ના દાદીનું તા.૧ ને શુક્રવારે તેમનું બેસણું તા.૩ ને રવિવારે સાંજે ૪:૩૦ થી ૬:૩૦ વાગ્યે જાગનાથ મહાદેવ મંદિર, યાજ્ઞિક રોડ, ખાતે રાખેલ છે.

શહેરીજનોને ચૈત્રી નવરાત્રી તેમજ ચેટીચાંદ પર્વની શુભેચ્છા પાઠવતા કમલેશ મિરાણી

## જીવન જરૂરી ચિજવસ્તુના વધતા ભાવ સામે રાજકોટ કોંગ્રેસ કાળઝાળઃ ઉગ્ર ધરણા



**શહેર કોંગ્રેસના આગેવાનોએ કાળી પટ્ટી બાંધી પ્રતિક વિરોધ નોંધાવ્યો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઈ ઠાકોરની સુચના મુજબ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે સવારે ૧૧ કલાકે ત્રિકોણબાગ ખાતે પેટ્રોલ-ડીઝલ-ગેસના ભાવમાં દિન-પ્રતિદિન બેફામ ભાવ વધારાને પગલે તમામ આવશ્યક જીવન જરૂરી ચીજવસ્તુઓમાં ભીષણ મોંઘવારીથી પીડાતી પ્રજાવતી ભાજપ સરકાર સામે ધરણા કરી ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મોંઘી દાળ, મોંઘુ તેલ સઘળો છે, ભાજપનો ખેલ, મોંઘવારીની ભેટ આપે સદાય કરો હવે ભાજપને વિદાય, પેટ્રોલ-ડીઝલના મોંઘા કર્યા દામ, જેવા પ્લેકાર્ડ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો. આ ધરણામાં શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, મનપાના વિપક્ષીનેતા ભાનુબેન સોરાણી, પ્રદેશ ઉપપ્રમુખ ડો.હેમાંગભાઈ વસાવડા, પ્રદેશ મહામંત્રી અશોક ડાંગર, મહેશભાઈ રાજપૂત, ભરતભાઈ મકવાણા, દિપ્તીબેન સોલંકી, ભાર્ગવભાઈ પઢીયાર, ગોપાલભાઈ અનડકટ, ફ્રન્ટલ-સેલ ચેરમેનો મનીષાબા વાળા, રણજીતભાઈ મુંધવા, આશિષસિંહ વાઢેર, મુકેશભાઈ પરમાર, ઘનશ્યામભાઈ મકવાણા, મયુરસિંહ પરમાર, વોર્ડ પ્રમુખ શૈલેશભાઈ સાકરિયા, કેતનભાઈ જરીયા, જગદીશભાઈ ડોડીયા, નરેશભાઈ પરમાર, પૂર્વ કોર્પોરેટરો અતુલભાઈ રાજાણી, રવજીભાઈ ખીમસુરીયા, નીલેશભાઈ મારું, જગદીશભાઈ સાગઠીયા, હિમતભાઇ મૈયાત્રા, રવિભાઈ ડાંગર, રમેશભાઈ વઘેરા, હીરાભાઈ ચાવડા, પરેશભાઈ સોલંકી, મનુભાઈ કોટક, અરવિંદભાઈ મુછડિયા, જ્યોત્સનાબેન ભટ્ટી, ચંદ્રિકાબેન વરાણીયા, જયાબેન ચૌહાણ, ફેમીબેન, ટીનાબેન, મુકુંદભાઈ ટાંક સહિતના આગેવાનો કાર્યકરો ધરણામાં જોડાયા હતા.

### પાંચ દિવસ રાજકોટ, દ્વારકા, પોરબંદર, સોમનાથ, જૂનાગઢ જિલ્લામાં પરિભ્રમણ

# ધર્મભૂમિ સૌરાષ્ટ્રમાં આજથી ભગવત ગીતા જ્ઞાન-વિજ્ઞાન મહાયજ્ઞ

## માનવ અધિકારોનું રક્ષણ, અપરાધ મુક્ત સમાજ નિર્માણ અભિયાન તથા લોકચેતના વિકાસ આંદોલનનો શંખનાદઃ કુરૂક્ષેત્ર-હરિયાણાથી શુભારંભ, ગુજરાતમાં જૂનાગઢ ખાતે સમાપન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

ભારતીય ચરિત્ર નિર્માણ સંસ્થાનના સંસ્થાપક અધ્યક્ષ અને ગીતાના કર્મવિજ્ઞાનના વિદ્વાન આદરણીયશ્રી રામકૃષ્ણ ગોસ્વામીજીના શીર્ષ નેતૃત્વમાં માનવ અધિકારોનું રક્ષણ, અપરાધોની રોકથામ, સામાજિક ન્યાય, રાષ્ટ્રીય સુરક્ષા તથા વિશ્વશાંતિ માટે ભગવત ગીતાના કર્મવિજ્ઞાન દ્વારા લોકચેતના વિકાસનું મહા અભિયાન સમગ્ર સૌરાષ્ટ્રમાં ગીતા માર્ચના રૂપમાં આયોજીત થશે. આજથી ૬ એપ્રિલ દરમિયાન ગીતા માર્ચ અર્થાત ભગવત ગીતા જ્ઞાન-વિજ્ઞાન મહાયજ્ઞ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર સ્થિત ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના શીર્ષ નેતૃત્વ સાથે વ્યાપક વૈચારિક મંથન કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે કે માનવ અધિકારોની સાર્વભૌમ ઘોષણા અને નાગરિક કર્તવ્યોની સંવૈધાનિક બુનિયાદ પર લોકચેતના વિકાસ અભિયાન ચલાવવામાં આવે. ધર્મભૂમિ સૌરાષ્ટ્રના પાંચ જિલ્લામાં ગાંધી દાંડી માર્ચ, આઝાદી કા અમૃત મહોત્સવ તથા નવા વિક્રમ સવંત ૨૦૭૯ ના અનુસંધાને ગીતા માર્ચ આયોજીત કરવામાં આવી છે. આ માટે ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ જસ્ટીસ રવિ ત્રિપાઠીએ જે-તે જિલ્લાના કલેકટરઓને નિર્દેશ આપેલ છે કે પોત-પોતાના ક્ષેત્રમાં ભારતીય ચરિત્ર નિમાર્ણ સંસ્થાનની પાંચ દિવસીય ગીતા માર્ચને જરૂરી સહયોગ પ્રદાન કરે.

તા.૧૨ માર્ચના રોજ કુરૂક્ષેત્રથી શરૂ થયેલી ગીતા માર્ચ રાજસ્થાનના અલવર, જયપુર, પાલી, જોધપુર, બાડમેર, ગુજરાતમાં અમદાવાદ તથા સૌરાષ્ટ્રમાં ૨ એપ્રિલે રાજકોટથી પ્રારંભ થશે. જે મશઃ ૩ એપ્રિલે દેવભૂમિ દ્વારિકા, ૪ એપ્રિલ પોરબંદર, ૫ એપ્રિલ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ પહોંચશે. જેનું સમાપન અનુક્રમે ૬ એપ્રિલે એગ્રીકલ્ચર યુનિવર્સિટી જૂનાગઢ ખાતે થશે. રસ્તામાં રાજકોટ પડધરી, ધ્રોલ, જામનગર, કેશોદ વગેરે શહેરોમાં સેવાકીય સંસ્થાઓ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવશે. ઐતિહાસિક અને જન જાગરણના દ્રષ્ટિકોણથી મહાન અને મહત્ત્વપૂર્ણ એવી આ ગીતા માર્ચને વિવિધ યુવિનર્સિટીઓ, કોલેજો અને અનેક સેવાકીય સંસ્થાઓનું વ્યાપક સમર્થન મળી રહ્યું છે. સૌ સાથે મળી ભગવત ગીતાનો સંદેશ પણ ઝીલશે.

આ યાત્રાને સફળ બનાવવા માટેની તમામ વ્યવસ્થા ભારતીય ચરિત્ર નિર્માણ સંસ્થાનના સૌરાષ્ટ્ર-કચ્છના અધ્યક્ષ પ્રો. ડો. જે. એમ. પનારા, સંયોજક ગૌતમભાઈ ધમસાણિયા, યોજના પ્રમુખ પ્રો. ડો. જીવાભાઈ વાળા (સોમનાથ-વેરાવળ) એડવોકેટ નરેન્દ્રસિંહ સોઢા (કચ્છ-ભૂજ) એડવોકેટ રાજેન્દ્રસિંહ રાજપુરોહિત (જોધપુર-રાજસ્થાન), પ્રો. કિરણભાઈ ડામોર (વેરાવ), પ્રો. હરેશભાઈ બાંભણિયા (સુરેન્દ્રનગર), ઉમેશભાઈ હાંસલિયા (કેશોદ), પ્રો. ડો. યશવંત ગોસ્વામી (રાજકોટ), ડો. પુનિલ ગજ્જર (જૂનાગઢ) વગેરે સંભાળી રહ્યા છે.

કાલે જી.એમ. પટેલ કન્યા છાત્રાલય તથા ઉમિયાજી મહિલા કોલેજ ધ્રોલ ખાતે પ્રિ. બી.જી. કાનાણીના માર્ગદર્શનમા સંસ્થાની દીકરીઓ, હોદ્દેદારો તથા કર્મચારી ગણ યાત્રાનું સ્વાગત કરશે. તા.૪ ને સોમવારે દ્વારકાધીશ મંદિર ખાતે જયપ્રકાશ નારાયણ દ્વિવેદીના નેતૃત્વમાં ગીતાજીનું પૂજન-અર્ચન કરવામાં આવશે. તા.૫ ને મંગળવારે વેરાવળ ખાતે સોમનાથ સંસ્કૃત યુનિ. ના કુલપતિ લલિતભાઈ પટેલના નેતૃત્વમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા - સંવાદ થશે. અંતમાં તા.૬ એપ્રિલે જુનાગઢ ખાતે એગ્રીકલ્ચર યુનિ. ના કુલપતિ એન. કે. ગોંટિયાના નેતૃત્વમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-સંવાદ થશે. યાત્રાના તમામ સ્થળોએ ગોસ્વામીજી દ્વારા ગીતાજીનો પ્રેરક સંદેશ આપવામાં આવશે.

તેમ ગૌતમભાઈ જી.ધમસાણિયા (સંયોજક) અને પ્રો.ડો.જે.એમ. પનારા (અધ્યક્ષ) એ જણાવ્યું છે.

## પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના જગદીશ સત્યદેવ અને રજનીકાંત કાસુંદ્રાનો નિવૃતિ સમારોહ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના સહાયક માહિતી નિયામક તથા ઇન્ચાર્જ નાયબ માહિતી નિયામક જગદીશભાઈ સત્યદેવ અને ઓપરેટર રજનીકાંત કાસુંદ્રાનો નિવૃતિ અને વિદાય સમારંભ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે સંયુકત માહિતી નિયામક શરદભાઈ બુંબડીયાએ સત્યદેવભાઈ અને કાસુંદ્રાની સરકારી સેવાને બિરદાવી તેમનું નિવૃતિ જીવન આરોગ્યપ્રદ અને દીર્ઘ આયુષ્યવાળુ રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. જ્યારે નાયબ માહિતી નિયામક હેતલભાઈ દવેએ બંને માહિતી મિત્રો સાથેના તેમના કાર્યકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. સહાયક યાહિતી નિયામક (સમાચાર) સોનલબેન જોષીપુરાએ સત્યદેવભાઈની વહીવટી કામગીરી માટેની કુશળતા અને શિસ્તબધ્ધતા તથા કાસુંદ્રાની કાર્યનિષ્ઠાને બિરદાવી હતી. સહાયક માહિતી નિયામક (સમાચાર) નરેશ મહેતાએ જગદીશભાઈ સત્યદેવની સૌરાષ્ટ્ર-કચ્છમાં વહીવટી સંકલનની ખુબીઓ વિશે અને કાસુંદ્રાની કેમેરા વિશેની જાણકારીની સરાહના કરી હતી. જ્યારે મોરબીના સહાયક માહિતી નિયામક ઘનશ્યામભાઈ પેડવાએ તેમની લાક્ષણિક અદામાં નિવૃત થતાં બંને માહિતી કર્મીઓની કાર્યપ્રણાલીની ગાથા વર્ણવી હતી. સત્યદેવભાઇનું માહિતી પરીવાર વતી સાકરનો પડિફો તથા શાલ ઓઢાડી સ્મૃતિચિનીહ એનાયત કરીને સન્માન કરાયું હતું.આ પ્રસંગે પ્રાદેશિક માહિતી કચેરી તથા સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વર્ષ ૨૦૨૧-૨૨ માં ઝીરો નેટ એનપીએની ઐતિહાસિક સિદ્ધિ

## રાજકોટ નાગરિક સહકારી બેંકની અવિરત પ્રગતિઃ રૂા.૧૩૨ કરોડનો અભૂતપૂર્વ નફો

### અંતિત વર્ષમાં કુલ થાપણો રૂા.૫.૨૯૫ કરોડ, કુલ ધિરાણ રૂા.૩,૦૧૦ કરોડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રાજકોટ નાગરિક સહકારી બેંકે અવિરત પ્રગતિને જાળવી રાખી છે. કોરોના મહામારીના કહેર અને ભય વચ્ચે પણ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ સુંદર વ્યાવસાયિક પરિણામો આપ્યા છે. બેંકના ચેરમેન શૈલેષભાઇ ઠાકર તથા વાઇસ ચેરમેન જીમ્મીભાઇ દક્ષીણી જણાવે છે કે, ‘૩૧ માર્ચ ૨૦૨૨ના અંતિત વર્ષ માટે બેંકે અભૂતપૂર્વ નફો રૂા. ૧૩૨ કરોડ નોંધાવેલ છે. જ્યારે કુલ થાપણો રૂા. ૫,૨૯૫ કરોડ, કુલ ધિરાણ રૂા. ૩,૦૧૦ કરોડ, કુલ બિઝનેશ રૂા. ૮,૩૦૦ + રહ્યો છે. આ વર્ષે બેંકે ઝીરો નેટ એનપીએની ઐતિહાસિક સિધ્ધિ મેળવી છે.’

‘નાના માણસની મોટી બેંક’ તરીકે ઓળખાતી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. મહારાષ્ટ્રમાં ૪ શાખા સહિત કુલ ૩૮ શાખાઓ, બે એક્ષટેન્શન કાઉન્ટર, બે ઓફસાઇટ એટીએમનું વિશાળ નેટવર્ક ધરાવે છે. વિવિધ શાખાઓમાં એટીએમ-સીડીએમ (કેશ ડિપોઝીટ કમ એટીએમ) કાર્યરત છે અર્થાત ૨૪ કલાક ૩૬૫ દિવસ રોકડ જમા કે ઉપાડ કરી શકાય છે. બેંકની મોબાઇલ બેકિંગ સુવિધા દ્વારા ઓનલાઇન વ્યવહારો કરી શકાય છે અને કેશબેક/રિવોર્ડ્સ પોઇન્ટનો લાભ પણ મળે છે. બેંકનું પ્લેટીનમ એટીએમ કાર્ડ ખાતેદારોમાં લોકપ્રિય બન્યું છે અને તે થકી દેશભરનાં એટીએમ-પીઓએસમાં અને ઓનલાઇન, ઇકોમ વ્યવહાર કરી શકાય છે. બેંકની મોબાઇલ એપ દ્વારા ઘેર બેઠાં જ એનઇએફટી અને આરટીજીએસ કરી શકાય છે. બીબીપીએસથી યુટીલીટી બિલ પેમેન્ટ અને યુપીઆઇનો લાભ સંખ્યાબંધ ખાતેદારો લઇ રહ્યા છે.

આ ઉપરાંત આઇપીઓ માટે આસ્બા સુવિધાનો મહત્તમ ખાતેદારો સફળતાથી ઉપયોગ કરી રહ્યા છે. બેંક દ્વારા છેલ્લા ૯ વર્ષથી સભાસદોને રૂા. ૧ લાખના વીમાનું કવચ અપાયેલું છે. ફક્ત વ્યાવસાયિક ધોરણે જ નહિ પરંતુ સામાજીક ઉત્તરદાયિત્વમાં બેંકની કામગીરી હંમેશા મોખરે રહી છે.

બેંકનાં સીઇઓ અને જનરલ મેનેજર વિનોદ કુમાર શર્મા ઉત્કૃષ્ઠ પરિણામોનો યશ બોર્ડ ઓફ ડિરેકટર્સ, શાખા વિકાસ સમિતિનાં સભ્યો, ડેલીગેટ, વિશાળ ગ્રાહક વર્ગ, સભાસદ પરિવારજનો અને કર્મઠ કર્મચારીગણને આપતાં સમગ્ર નાગરિક પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

### રાજકોટ રેલવેનો એક જ મહિનામાં રૂા.૧.૬૧ કરોડના દંડ વસુલાતનો રેકોર્ડ

## માર્ચમાં ૨૨૪૬૪ ખુદાબક્ષ મુસાફરો પકડાયા

### છેલ્લા એક વર્ષમાં રાજકોટ રેલવે ડિવિઝનમાં ૧,૧૫,૫૨૨ લોકો ટિકિટ વગર ટ્રેનોમાં મુસાફરી કરતા મળ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

ટિકિટ વિના અને નિયમો વિરૂધ્ધ મુસાફરી કરતા લોકોને રોકવા માટે રાજકોટ ડિવિઝનમાં સમગ્ર માસ દરમિયાન સઘન ટિકિટ ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કોરોના બાદ રાજકોટ ડિવિઝન દ્વારા ટિકિટ ચેકિંગની આવકમાં નવા આયામો પ્રસ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

માર્ચ, ૨૦૨૨ મહિનામાં એક નોંધપાત્ર સિદ્ધિ મેળવીને, રાજકોટ ડિવિઝને ટિકિટ વિના ના/અનિયમિત ટિકિટ કરતા ૨૨૪૬૪ મુસાફરો પાસેથી રૂ. ૧.૬૧ કરોડ દંડ પેટે વસૂલ કર્યા છે જે એક જ મહિનામાં ટિકિટ ચેકિંગ થી આવક નો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ આંકડો છે. અગાઉ રાજકોટ ડિવિઝનમાં ટિકિટ ચેકિંગ થી માર્ચ, ૨૦૧૯ મહિનામાં ૧.૫૧ કરોડ રૂપિયાની આવક મેળવી હતી.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ કોમર્શીયલ મેનેજર પી ચંદ્રશેખર, ડિવિઝનલ ચીફ ટિકિટ ઇન્સ્પેક્ટર કે.સી. ગુર્જર અને અન્ય ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવીને આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે,.

૧લી એપ્રિલ, ૨૦૨૧ થી ૩૧મી માર્ચ, ૨૦૨૨ના સમયગાળા દરમિયાન, રાજકોટ ડિવિઝને એક વર્ષમાં ટિકિટ વિના/અનિયમિત ટિકિટ મુસાફરી કરતા ૧,૧૫,૫૨૨ મુસાફરો પાસેથી રૂ. ૭.૧૧ કરોડ રૂ વસૂલ કર્યા છે. આ સમયગાળા દરમિયાન, રેલવે પરિસરમાં કચરો નાખવા માટે ૩૭૬ મુસાફરો પાસેથી રૂ. ૧,૮૩,૩૩૦ રૂ વસૂલ કરવામાં આવ્યા હતા. અહીં-ત્યાં થૂંકવા બદલ ૫૧ મુસાફરો પાસેથી ૭૨૦૦ વસૂલવામાં આવ્યા હતા. માસ્ક ન પહેરવા બદલ ૪૬૮ મુસાફરો પાસેથી ૭૭૨૯૫ વસૂલવામાં આવ્યા હતા.

## ધોરાજી નજીક પ્રેમ સંબંધ બાબતે બાળકનું અપહરણ

### રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં અપહરણકાર શખ્સને પકડી પાડયો



**(આશિષ લાલકીયા દ્વારા)**
ધોરાજી, તા.૨

મુળ મધ્યપ્રદેશમાં આવેલ અલીરાજપુરના ભાભર તાલુકામાં આવેલ સડક ફળીયા ગામના રહેવાસી અને હાલ ધોરાજી તાલુકાના મોટીવાવડી ગામે રહેતા સુમીબેન કાજુભાઇ મહેડા નામની મહિલાએ રાજકોટ ગ્રામ્ય જીલ્લાના કંટ્રોલ રૂમ ખાતે જાણ કરેલ કે ધોરાજી તાલુકાના સુપેડી ગામે આવેલ પુલ નીચેથી તેમના ૪ વર્ષના દિકરાનું કોઇ અજાણ્યા વ્યક્તિએ ઝુંટવી કાળા કલરના સ્પ્લેન્ડરમાં અપહરણ કરી લઇ ગયેલ હતા અને તેણે લાલ કલરનો શર્ટ પહેરેલ છે તેમજ તે ગોંડલ તરફ ગયેલ છે તેવો બનાવ જાહેર થયેલ હતો. આ ગુન્હાની ગંભીરતા જોતા અલગ-અલગ ટીમો બનાવી ભોગબનનાર તથા ઘટનાને અંજામ આપનાર યુવકને સત્વરે શોધી કાઢવા માટે રાજકોટ જીલ્લા તેમજ રાજકોટ જીલ્લાના સીમાવર્તી જીલ્લાઓમાં નાકાબંધી કરાવી સખત પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા અને દરેક ટીમોની કામગીરીનું વિભાજન કરી હયુમન સોર્સીસ તથા ટેકનિકલ સપોર્ટથી સત્વરે ભોગબનનાર તથા યુવકને શોધી કાઢવાના એક માત્ર લક્ષ્યમાં જોડાય ગયેલ હતા અને આ દરમ્યાન મળેલ હકિકત અન્વયે ભોગબનનાર તથા યુવકને ગોંડલ તાલુકાના અનીડા ગામ પાસેથી પોલીસે ગણતરીની કલાકોમાં જ ઝડપી લઈને તેમને હસ્તગત કરવામાં આવેલ હતો. જે શખ્સ દિનેશ રાઠોડ હોવાનું અને બાળકની માતાએ પ્રેમ સંબંધની ના પાડતા અપહરણ કર્યાની કબૂલાત આપી હતી.

## ફોક્સવેગન કારમાંથી દારૂ ઝડપાયાના કેસમાં ત્રણેય આરોપીઓ જામીન મુક્ત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

ગોંડલ હાઇ-વે પર ફોક્સવેગન કારમાંથી દારૂ ઝડપાયાના કેસમાં ત્રણેય આરોપીઓને જામીન ઉપર મુક્ત કરાવવા લોઅર કોર્ટે હુકમ કર્યો છે. કેસની વિગત મુજબ રાજકોટ શહેર ઝોન-૨ એલસીબીએ ગોંડલ હાઇ-વે પર આવેલી ક્રિષ્ના પાર્ક હોટલ પાસેથી હાલ સુરત રહેતા હસમુખભાઈ નનુભાઈ સાંગાણી (મૂળ રહે. સમોખેતી ગામ, તા.રાજુલા, જિ.અમરેલી) પરસોત્તમભાઈ હેમરાજભાઈ કણસાગરા (મૂળ રહે. રામવાડી, શેરી નં.૩, જામજોધપુર જિ.જામનગર) અને સોહિલ કીરીટભાઈ ભાલાળા (ઉ.વ.૨૬, રહે. મૂળ પાંચ ટોપરા ગામ, તા. ગારીયાધાર, જિ.ભાવનગર)ને ઝડપી લઈ તેમની ફોક્સવેગન કારમાંથી દારૂની ૬૦ બોટલ કબ્જે કરી હતી. રાજકોટ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો. કાર અને દારૂનો જથ્થો મળી પોલીસે રૂ.૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરેલો, આરોપીઓને કોર્ટમાં રજૂ કરાતા રેગ્યુલર જામીન માટે અરજી કરેલી, જેમાં આરોપીઓમાં વકીલની દલીલો ધ્યાને લઇ લોઅર કોર્ટે આરોપીઓને શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં ત્રણેય આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ચિરાગ પી.મેતા, વિજયભાઈ જોશી અને શોભના એચ. ડાભી રોકાયા હતા.



એડવોકેટઃ ચિરાગ મેતા

# ‘વિરાંજલિ’ મલ્ટીમીડિયા શો માં શહેરીજનોને ઉમટી પડવા અનુરોધ

### આજે સાંજે ૭ કલાકે રેસકોર્ષ મેદાન કરાયું આયોજનઃ દસ હજારથી વધુ લોકો કાર્યક્રમને માણશેઃ મિરાણી, ભારદ્વાજ, શુકલ

### સ્વ.ચિમનભાઈ શુકલ લોક કલ્યાણ ટ્રસ્ટ તથા વિરાંજલિ સમિતિના ઉપક્રમે કરાયું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

સ્વ. ચિમનભાઈ શુકલ લોક કલ્યાણ ટ્રસ્ટ અને વિરાંજલિ સમિતિ વતી શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સુરેન્દ્રનગર ભાજપના પ્રભારી નિતીન ભારદ્વાજ, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, ભાવનગર શહેર ભાજપ પ્રભારી કશ્યપ શુકલ, નેહલ શુકલ, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુકત અખબારી યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ ખાતે સ્વ. ચિમનભાઈ શુકલ લોક કલ્યાણ ટ્રસ્ટ અને વિરાંજલિ સમિતિના સંયુકત ઉપક્રમે આજે શનિવારે સાંજે ૭ કલાકે રેસકોર્ષ મેદાન ખાતે ખ્યાતનામ કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય વિરાંજલિ મલ્ટીમીડીયા શો કાર્યક્રમ યોજાનાર છે. ત્યારે ચિમનભાઈ શુકલ લોકકલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિરાંજલિ કાર્યક્રમનું સુંદર આયોજન કરી શહેરની જનતાને એક વીરરસનું રસપાન કરવાનો અમૂલ્ય અવસર મળ્યો છે. ત્યારે રાજકોટ મહાનગર ખાતે આ વિરાંજલિ કાર્યક્રમ યોજાનાર છે. ત્યારે અંદાજે દસ હજારથી વધુ લોકો આ વિરાંજલિ કાર્યક્રમને માણશે, જેમાં નામાંકિત કલાકારો દ્વારા આબેહૂબ કલાકૃતિ પીરસશે અને આઝાદી પહેલાની ક્રાંતિગાથા સુવિખ્યાત કલાકારો દ્વારા રંગભુમિ અને નૃત્યના આશરે ૧૦૦થી વધુ કલાકારો ડાન્સ અને ડ્રામા સાથે વિરાંજલિ મલ્ટીમીડીયા શો ની રજૂઆત કરશે જેમાં કાર્યક્રમ માટે તદન નવા દેશભક્તિના ગીતોની રચના કરાઈ છે ત્યારે વર્તમાન સમયમાં યુવાનોમાં રાષ્ટ્રભાવના પ્રબળ બને તે દિશામાં ભારતીય જનતા પાર્ટી અને ચિમનભાઈ શુકલ લોક કલ્યાણ ટ્રસ્ટ અને વિરાંજલિ સમિતિ દ્વારા પ્રયાસ થઈ રહયો છે.

આ કાર્યક્રમમાં શહેરીજનો માટે અલાયદી બેઠક વ્યવસ્થા, દસ હજારથી વધુ ખુરશી, સોફા, સિનિયર સીટીજનો માટે પણ બેઠક વ્યવસ્થા પણ રાખવામાં આવેલ છે તેમજ કાર્યક્રમના જીવંત પ્રસારણ માટે મોટી એલઈડી સ્ક્રીન ગ્રાઉન્ડ પર મુકવામાં આવશે અને ૧૦૦થી વધુ નામાંક્તિ કાલાકારો દ્વારા ડાન્સ અને ડ્રામા દ્વારા શહીદવીરોની યાદને લોકોના માનસપટ પર તાજી કરાશે. ત્યારે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત ‘જાણતા રાજા પછી’ વિરાંજલિનું રાજકોટ ખાતે સુંદર આયોજન થઈ રહયુ છે ભવ્યાતિભવ્ય એવા વિરાંજલિ કાર્યક્રમને નિહાળવા માટે શહેરીજનોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહયો છે અને પાસ માટે લોકોને ઘસારો થઈ રહ્યો છે. ત્યારે આ કાર્યક્રમને માણવા માટે નિઃશુલ્ક પાસ અપાશે.

તેમજ આ વિરાંજલિ કાર્યક્રમ અંતર્ગત કમલેશ મિરાણી, નિતીન ભારદ્વાજ, ઉદય કાનગડ, કશ્યપ શુકલ, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, નેહલ શુકલના માર્ગદર્શન હેઠળ જુદી-જુદી સમિતિઓની રચના કરવામાં આવેલ છે. જેમાં પુષ્કર પટેલ, કેતન પટેલ, વલ્લભભાઈ દુધાત્રા, અશ્વિન પાંભર, રાજુભાઈ ધ્રુવ, હરેશ જોષી, દેવાંગ માંકડ, મયુર શાહ, મનુભાઈ વઘાશીયા, દીવ્યરાજસિંહ ગોહિલ, વિરેન્દ્રસિંહ ઝાલા, પ્રફુલભાઈ કાથરોટીયા, અશોક લુણાગરીયા, રાજુભાઈ અઘેરા, ડી.બી. ખીમસુરીયા, મહેશ અઘેરા, ગોતમ ગોસ્વામી, વિક્રમ પુજારા, રઘુભાઈ ધોળકીયા, મહેશ રાઠોડ, કિશન ટીલવા, કુલદીપસિંહ જાડેજા, હેમાંગ પીપળીયા, પૃથ્વીસિહ વાળા, હીરેન રાવલ, જયમીન ઠાકર, રાજન ઠક્કર, હાર્દીક બોરડ, જય શાહ, શૈલેષ હાપલીયા, નીખીલ રાઠોડ, સહીતના જહેમત ઉઠાવી રહ્યા છે. ત્યારે આ ભવ્યાતિભવ્ય અને જાજરમાન વિરાંજલિ મલ્ટીમીડીયા શો માણવા શહેરીજનોને ઉમટી પડવા કમલેશ મિરાણી, નિતીન ભારદ્વાજ, કશ્યપ શુકલ, નેહલ શુકલ, ઉદય કાનગડ, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર સહીતના અગ્રણી ઓઓ જાહેર અનુરોધ કરેલ છે.



## શહેરની જનતાને એક વીરરસનું રસપાન કરવાનો અમૂલ્ય અવસર મળ્યો છેઃ ઉદય કાનગડ

# રાજકોટમાં મોંઘવારી વિરોધી કાર્યક્રમમાં કોંગ્રેસનો ફ્લોપ-શો!

## શહેરમાં જ મોટાભાગનાં વોર્ડનાં કાર્યકરોને જાણ ન હોવાથી ઘેરો રોષ અને અસંતોષઃ શહેર પ્રમુખ દ્વારા મહત્વનાં કાર્યક્રમ માટે અન્ય હોદ્દેદારો કે વોર્ડવાઈઝ પક્ષનાં નેતા અને કાર્યકરોને સમયસર જાણ કરી ન હોવાની અંદરખાને ગંભીર ચર્ચા

રાજકોટ, તા.૨

મોંઘવારીનાં વિરોધમાં દેશવ્યાપી આંદોલનનાં ભાગરૂપે રાજકોટમાં આજે ત્રિકોણબાગ ખાતે યોજાયેલા કોંગ્રેસ પ્રેરિત ધરણાનાં કાર્યક્રમનાં આયોજનમાં સંકલનનાં અભાવને કારણે ઓછી હાજરી જોવા મળતા પક્ષનાં કાર્યકરગણમાં ભારે નારાજગી પ્રસરી હોવાનું જાણવા મળ્યું છે. આમ જનતાની વેદનાને વાચા આપવાના આટલા મહત્વનાં કાર્યક્રમમાં ગણ્યાગાંઠ્યા નેતાઓની હાજરીને કારણે કોંગ્રેસ છાવણીમાં સોપો પડી ગયો હતો અને શહેરીજનોમાં પણ કોંગ્રેસની પ્રતિમાને વધુ ફટકો પડ્યો હોવાનું કોંગ્રેસનાં આંતરિક વર્તુળોમાં ચર્ચાઈ છે.

લોકોને સ્પર્શ કરતા અતિઆકરી મોંઘવારી જેવા સંવેદનશીલ મુદ્દા પર અન્ય શહેરોમાં અને ખૂદ રાજકોટનાં પડોશ જેવા જામનગરમાં કોંગ્રેસ દ્વારા જોરદાર વિરોધ કાર્યક્રમો આપીને તંત્રમાં ખળભળાટ મચાવતા આંદોલન કાર્યક્રમો થઇ રહ્યા છે. ત્યારે રાજકોટમાં આટલા મહત્વનાં સળગતા મુદ્દા પર કોંગ્રેસનાં ધરણા કાર્યક્રમને લોકો ફ્લોપ-શો માનવા માંડે એ કોંગ્રેસની શહેર નેતાગીરી સંભાળતા લોકો માટે ઘણું કહી જાય છે.

સ્થાનિક રીતે કોંગ્રેસનાં અગ્રણી કાર્યકર સૂત્રોમાંથી એવું જાણવા મળ્યું છે કે, શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા આટલા મહત્વનાં આંદોલન કાર્યક્રમ અંગે કોઈ સચોટ આયોજન કરવામાં આવ્યું ન હતું. વોર્ડવાઈઝ સંકલન કરવામાં પણ શહેર નેતાગીરીને સફળતા મળી નથી. જેના કારણે શહેરનાં મોટાભાગનાં વોર્ડનાં કોંગ્રેસનાં કાર્યકરોને આવા કોઈ કાર્યક્રમોની જાણ પણ કરાઈ નથી તેવું અંદરખાને ચર્ચાઈ રહ્યું છે. સંકલનનો અને આયોજનનો સ્પષ્ટ અભાવ બહાર ઉપસી આવ્યો છે જેનાથી રાજકોટ શહેરમાં કોંગ્રેસની છબીને વધુ નુકશાન થવાનો ભય નિષ્ઠાશીલ જુના કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે.

આવા કાર્યક્રમો યોજાઈ ત્યારે લોકોમાં એવી ચર્ચા થવા લાગી છે કે, શહેર કોંગ્રેસનાં મુઠ્ઠીભર આગેવાનોએ માત્ર દેખાવ ખાતર આવો કાર્યક્રમ કર્યો હોય એવું દેખાય છે. વિરોધ કરવા ખાતર કર્યો હોય અને તેની પાછળ પૂરી ગંભીરતા ન હોય એવું લોકોને લાગ્યું છે. કેટલાક કાર્યકરો તો રોષભેર એવું કહેતા સંભળાયા છે કે, આવા ફ્લોપ-શો કરવા કરતા આયોજન માંડી વાળ્યું હોત તો સારું થાત.(૨.૧૨)



ધરણાનાં કાર્યક્રમમાં મામુલી હાજરીથી પ્રજામાં કોંગ્રેસની છાપને ફટકો

# શહેરની મધ્યમાં હોટલમાં અય્યાસીનો અડ્ડો...



## ધમધમતા વિસ્તારમાં કોલગર્લ સપ્લાઈનો સૂત્રધાર 'જગ્ગો' ચર્ચામાં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

શહેરની કેટલીક હોટલોમાં દેહવિક્રયના ધંધા ચાલતા હોવાની વિગતો અખબારોના પાને ચમકતી રહે છે.આવી વધુ એક હોટલની વિગતો પ્રકાશમાં આવી છે.શહેરની મધ્યમાં આવેલી અને પ્રધુમન્ન નગર પોલીસ સ્ટેશન તાબાની આ હોટલની કેટલીક સનસનીખેજ વિગતો અમાર અંતરંગ વર્તુળોમાંથી સોપડી છે.

રાજકોટ શહેરના મધ્યમાં આવેલી આ હોટલનું નામ ''વાહન ઉભા રાખવાની વ્યવસ્થા'' જેવુ છે. આ હોટલમાં ત્રણ દલાલોએ કેટલાક રૂમ બુક કરી રાખ્યા છે. આ દલાલો પાસે ૧૦-૧૫ જેટલી કોલ ગર્લ છે. ગ્રાહકને અગાઉથી ફોટાઓ બતાવીને પછી ગ્રાહકને જરૂરત મુજબની મહિલા સપ્લાઇ કરવામાં આવે છે.

શહેરની મધ્યમાં ધમધમાટવાળા વિસ્તારમાં આ હોટલ કાયદો- વ્યસ્થાને ખુલ્લે આમ પડકાર ફેંકે છે.ભદ્ર વિસ્તારમાં આવતા-જતાં લોકો પણ શરમીંદગી અનુભવે તે રીતે ખુલ્લે આમ આ અય્યાસીનો અડ્ડો ચાલે છે.

''વાહન ઉભા રાખવાની વ્યવસ્થા'' નામવાળી આ હોટલને લાગુ પોલીસ સ્ટેશનના કોઇ કર્મચારીનો સાથ-સહકાર હોવાનું પણ સ્થાનિકોમાં ચર્ચાઇ છે.

આ હોટલનો મુખ્ય દલાલ 'જગ્ગો'નામધારી હોવાની જાણકારોમાં ગણગણાટ થઇ રહ્યો છે.

# આજથી ચૈત્રી નવરાત્રીનો શુભારંભઃ માતાજીની ભકિતમાં લીન ભકતો

## અંબાજી, પાવાગઢ, બહુચરાજી અને ચોટીલા મંદિરોમાં સવારથી ભક્તોનો જોરદાર ઘસારોઃ બે વર્ષનાં વિરામબાદ અંબાજીમાં અખંડ ધૂન યોજાશે, ચાચર ચોકમાં ભાવિકો માટે છાંયડાની વ્યવસ્થા, દર્શનનાં સમયમાં ફેરફાર કરાયો



(તસવીરઃ દિલીપ ગોહેલ)

રાજકોટ, તા.૨

આજથી મહત્વનાં ધાર્મિક પર્વ ચૈત્રી નવરાત્રીનો શુભારંભ થવા સાથે જ સૌરાષ્ટ્ર અને ગુજરાતભરનાં માતાજીનાં મંદિરોમાં સવારથી ભક્તોનો માનવ મહેરામણ ઉમટી પડ્યો છે અને આસ્થાળુ ભાવિકો માતાજીની ભક્તિમાં લીન થઇ ગયા છે. અંબાજી, પાવાગઢ, ચોટીલા, બહુચરાજી સહિતનાં ધર્મ સ્થાનોમાં આસ્થાળુઓનો એકધારો પ્રવાહ શરૂ થયો છે. મંદિરોને રોશનીથી ઝગમગાવી દેવાયા છે. પાવાગઢનો ડુંગર રોશનીથી ઝળહળી ઉઠ્યો છે. ભક્તોની સુરક્ષા અને સલામતી માટે જંગી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એસટી તંત્ર દ્વારા વધારાની બસો આસ્થાળુઓ માટે દોડાવવાનું શરૂ કરાયું છે. ચોટીલા ડુંગર પર દર્શન માટે ભાવિકોની જબરી ભીડ એકત્ર થતા રાજકોટ- અમદાવાદ હાઈ-વે પર સેંકડો વાહનોની કતારો લાગી ગઈ છે.

ચૈત્રી નવરાત્રીનું હિન્દુ ધર્મ શાસ્ત્રનાં ધાર્મિક કેલેન્ડરમાં અનોખું મહત્વ છે. આ મહોત્સવ સખ્ત તપ, ભક્તિ અને માતાજીની ભાવવંદનાનો મહોત્સવ છે. અંબાજી મંદિર ખાતે બે વર્ષનાં લાંબાગાળા બાદ ચાચર ચોકમાં અખંડ રામધૂન શરૂ થઇ ગઈ છે. લાખો ભાવિકો હાજરી આપવાની શક્યતા હોવાથી શક્તિ ઉપાસનાનાં પર્વ ચૈત્રી નવરાત્રીને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભારે આકરી ગરમી હોવાથી ચાચર ચોકમાં છાંયડો અને ઠંડા પાણીની વ્યવસ્થા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.

યાત્રાધામ અંબાજી ખાતે ઘટસ્થાપન કરીને ચૈત્રી નવરાત્રીનો આસ્થાભેર પ્રારંભ કરાવ્યો હતો. બે વર્ષના લાંબાગાળા બાદ માં અંબાનું દેવળ જય અંબેનાં બુલંદ જય ઘોષથી ગુંજી ઉઠ્યું છે. ૯ દિવસ સુધી પૂજા- અર્ચના, આરતી, દર્શન અને અખંડ ધૂન ચાલુ રહેશે.

ભાવિકો સુખરૂપ દર્શન કરી શકે એ માટે આરતી દર્શનનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. એ મુજબ દર્શનનો સમય સવારે ૭:૩૦ થી ૧૧:૩૦ અને સાંજે ૭:૩૦ થી ૯ સુધીનો રાખવામાં આવ્યો છે. રાજભોગનો સમય બપોરે ૧૨ વાગ્યે, એ પછી દર્શન ૧૨:૩૦ થી ૪:૩૦ અને આરતી સાંજે ૭ થી ૭:૩૦ સુધી થશે. ચૈત્રી સુદ આઠમ અને પૂનમ તા.૯ તથા તા.૧૬ એપ્રિલે આરતીનો સમય સવારે ૬ વાગ્યાનો રહેશે. ચૈત્ર સુદ-૯ તા.૧૦ એપ્રિલ રવિવારથી વૈશાખ સુદ (અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ચેટીચાંદની ઉજવણી









રાજકોટ, તા.૨: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર- કચ્છમાં આજે ચેટીચાંદની ઉજવણી કરવામાં આવી રહી છે. 'આયોલાલ..ઝુલેલાલ'ના નાદ ગુંજી ઉઠયા છે. અને સિંધી સમાજ દ્વારા કાર્યક્રમો યોજાયા છે.સમસ્ત સિંધી સમાજ દ્વારા અડધો દિવસ ધંધા-રોજગાર બંધ રાખીને ઝુલેલાલ જયંતિ મહોત્સવમાં જોડાયા હતા.

# રાજકોટના બે સહિત રાજ્યના ૮૮ પીઆઇની બદલી

## બી-ડિવીઝનના એમ. બી. ઔસુરાને સુરત અને લાયસન્સ બ્રાંચના એન. એન. ચુડાસમાને કચ્છ મુકાયાઃ રાજકોટ રૂરલના પી. ડી. દરજીને મહેસાણા, ખેડાના એ. જી. ગોસાઇ રાજકોટ રૂરલમાંઃ વડોદરાથી બે પીઆઇને રાજકોટ મુકાયા

રાજકોટ તા. ૨:

રાજયના ૮૮ પોલીસ ઇન્સ્પેક્ટરની બદલના ઓર્ડર નીકળ્યા છે. જેમાં રાજકોટ શહેરના બે પીઆઇની બદલી થઇ છે અને વડોદરા શહેર અને ગ્રામ્યના એક એક મળી બે પીઆઇને રાજકોટ શહેરમાં મુકાયા છે. ખેડાના પીઆઇની રાજકોટ રૂરલમાં બદલી કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ રાજકોટ શહેર બી-ડિવીઝનમાં ફરજ બજાવતાં પીઆઇ એમ. બી. ઔસુરાની સુરત શહેર ખાતે બદલી થઇ છે. જ્યારે શહેર પોલીસ કમિશનર કચેરી લાયસન્સ બ્રાંચના પીઆઇ એન. એન. ચુડાસમાની બદલી કચ્છ પુર્વ ગાંધીધામ ખાતે થઇ છે. વડોદરા શહેરના એન. કે. વ્યાસ તથા વડોદરા ગ્રામ્યના જે. એમ. વાઘેલાને રાજકોટ શહેરમાં નિમણુંક આપવામાં આવી છે. જ્યારે ખેડા ગ્રામ્યના એન. જી. ગોસાઇની બદલી રાજકોટ રૂરલમાં કરવામાં આવી છે. આ ઉપરાંત જામનગરના એસ. એસ. નિનામાને મહેસાણા મુકાયા છે,

દેવભુમિ દ્વારકાના જે. કે. ડાંગરને એસીબીમાં મુકાયા છે. બોટાદના એચ. આર. ગોસ્વામીની ગીર સોમનાથ અને શ્રીમતી આર. એમ. ચૌહાણી ડીજીપી કચેરી ખાતે, રાજકોટ ગ્રામ્યના પી. ડી. દરજીની મહોસણા, જામનગરના આર. જી. ચૌધરીની સુરેન્દ્રનગર, ભાવનગર રેન્જના પી. વી. જાડેજાની બદલી જીઇબીમાં, અમરેલીના પી.આર. વાઘેલાની ભરૂચ, તેમજ એમ. એ. સિંહની બદલી એસીબીમાં થઇ છે. આ તમામ બિન હથીયારી પીઆઇને બદલીના સ્થળે તત્કાળ હાજર થવા ડીજી આશિષ ભાટીયાએ આદેશ આપ્યો છે. (૧૪.૭)

# મનપાની તિજોરી છલકાઇઃ આવાસ યોજના વિભાગને છેલ્લા એક વર્ષમાં ૧૫૪ કરોડની આવક

## માર્ચમાં જ ૧૩ કરોડથી વધુની આવક થઇઃ બાકીદારોને એલોટમેન્ટ મેળવી લેવા અને હપ્તા ભરવાની મનપાની અપીલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૧,૦૦૦થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - 1,2,3, રાજીવ આવાસ યોજના, ગુરુજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે. આવાસ યોજના વિભાગ દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રૂ.૧૩,૮૨,૩૯,૭૦૨(તેર કરોડ બ્યાસી લાખ ઓગણ ચાલીસ હજાર સાતસો બે પુરા)ની આવક કરેલી છે. તા.૨૩/૦૬/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રૂ.૧૨૩,૬૩,૨૪,૯૫૦ (એકસો ત્રેવીસ કરોડ ત્રેસઠ લાખ ચોવીસ હજાર નવસો પચાસ પુરા) ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. આજ રીતે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં આવાસ યોજના વિભાગ દ્વારા રૂ.૧૫૪,૧૪,૪૭,૬૭૪ (એકસો ચોપન કરોડ ચૌદ લાખ સુડતાલીસ હજાર છસો ચીમોતેર પુરા)ની વસુલાત આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે. હાલમાં વિવિધ યોજનાઓના એલોટમેન્ટ લેટર વિતરણ શરુ છે જે અન્વયે જે લાભાર્થીઓ દ્વારા એલોટમેન્ટ લેટર લેવામાં આવેલ નથી કે આવાસ પેટેના હપ્તા ભરપાઈ કરેલ નથી તેઓને તેમજ કેટેગરીમાં આવાસની કિંમતમાં ઘટાડો થયેલ હોય આગળની જરૂરી કાર્યવાહી માટે તાત્કાલિક આવાસ યોજના વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ, રાજકોટનો સંપર્ક કરવા, પોતાના આવાસનું એલોટમેન્ટ મેળવી લેવા અને હપ્તા ભરવાની અપીલ કરવામાં આવે છે.

# રાજયમાં એક સાથે ૭૭ આઈપીએસ અધિકારીની બદલી









**રાજકોટ ગ્રામ્યના એસપી બનતા જયપાલસિંહ રાઠોડઃ ડીસીપી મનોહરસિંહ જાડેજા ગીર સોમનાથના એસપી બન્યા**

**રાજકોટ શહેર ડીસીપી ઝોન-૨ તરીકે સુધીરકુમાર દેસાઇની નિમણુંકઃ ડો.પાર્થરાજસિંહ ગોહિલને રાજકોટ ડીસીપી ક્રાઇમ તરીકે નિમણુંક અપાઇ**

## ૨૦ આઇપીએસને બઢતી સાથે બદલી અપાઇઃ નિર્લીપ્ત રાયને સ્ટેટ મોનીટરીંગ સેલના એસ.પી બનાવાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨:

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી આઈપીએસ અધિકારીઓની બદલીઓનો ઘાણવો નીકળશે તેવી ચર્ચા ચાલી રહી હતી. તે ચર્ચાનો આજે અંત આવ્યો છે. ગુજરાતમાં ૭૭ આઇપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં ૨૦ આઇપીએસની બઢતી સાથે બદલી કરવામાં આવી છે. શ્વેતા શ્રીમાળી વેસ્ટર્ન રેલવેના એસપી બન્યા છે. જ્યારે ડો. લીના પાટિલ ભરૂચના એસપી બન્યાછે. જયપાલસિંહ રાઠોડ રાજકોટ ગ્રામ્યના એસપી બનાવવામાં આવ્યાં છે. જ્યારે અમદાવાદથી પ્રેમસુખ ડેલુની જામનગર એસપી તરીકે બદલી કરવામા આવી છે. જ્યારે વિશાલ વાઘેલા સાબરકાંઠાના નવા એસપી બન્યાં છે.

રાજકોટ ડીસીપી ઝોન-૨ મનોહરસિંહ જાડેજાની ગીર સોમનાથ એસ.પી. તરીકે કરાઈ નિમણુંક કરાઈ છે. હજુ શહેર પોલીસ કમીશનરની બદલી આગામી દિવસોમાં થશે તેવી ચચાઓ ચાલી રહી છે.

આ ઉપરાંત અન્ય કોઈ આઈપીએસ અધિકારીને રાજકોટના પોલીસ કમિશનર બનાવાય તેવી ચર્ચા પણ ક્યાંકને ક્યાંક ચાલી રહી હોય બની શકે કે જેનું નામ ચર્ચામાં ચાલી રહ્યું છે તેના સ્થાને કોઈ બીજા જ અધિકારીને મુકીને સરપ્રાઈઝ આપવામાં આવેશે તેવી સંભાવનાઓ વ્યકત થઇ રહી છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.